dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર... અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 203 | AD - 2024, Chaitra Vad - 03 | Saturday, Dt.27-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# ૮૮ બેઠકો પર મતદારોમાં અભુતપૂર્વ ઉત્સાહ : ૬૫ ટકા મતદાન

## કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડ્યા તો અમુક સ્થળોએ મતદાન યાદીમાં નામ ન હોવાની ફરિયાદ ઉઠી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર આજે શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું હતું. કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી ગયા હોવાની તો કેટલાક સ્થળોએ મતદાર યાદીમાં નામ નહીં હોવાની ફરિયાદો મળી હતી, કેટલાક મતદાન મથકો પર કાર્યકરો વચ્ચે અથડામણના પણ અહેવાલો મળ્યા છે. જો કે કોઈ મોટો બનાવ મતદાન દરમિયાન બનવા પામ્યો ન હતો. સાંજે પાંચ વાગ્યા બાદ પણ મતદાન કેન્દ્રોની અંદર લાઈનમાં ઉભા રહેવા મતદારોને મતદાન કરવાની છુટ આપવામાં આવી હતી. ૮૮ બેઠકો પર સરેરાશ ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું.

બીજા તબક્કાનું મતદાન સવારે સાત વાગ્યાથી કડક સુરક્ષા વચ્ચે શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલુ રહ્યુ હતું. મતદાન શરૂ થાય તે પહેલા કેટલાક મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. આજે કેરલની તમામ ૨૦, કર્ણાટકની ૧૪, રાજસ્થાનની ૧૩, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશની આઠ-આઠ, મધ્યપ્રદેશની ૭, આસામ અને બિહારની પાંચ-પાંચ, બંગાળ જમ્મુ અને કાશ્મીરમાંથી ત્રણ-ત્રણ અને ત્રિપુરાની એક-એક સીટ પર મતદાન થયું હતું. જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કામાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ)નું ભાવિ મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યુ છે. પોખરણ વિધાનસભા ક્ષેત્રમાં એક બૂથ પર લડાઈ જોવા મળી હતી. અહીં ગુડ્ડી ગામના બૂથ પર એજન્ટ પર હુમલો થયો, નકલી વોટિંગને લઈને આ વિવાદ શરૂ થયો. આ પછી કોંગ્રેસના નેતાઓએ આ



મામલે પોલીસ અધિકારીઓને ફરિયાદ કરી હતી. કોંગ્રેસના એજન્ટે ભાજપના કાર્યકર પર મારપીટનો આરોપ લગાવ્યો છે. શિવ વિધાનસભા ક્ષેત્રમાં બે જૂથો વચ્ચેની લડાઈ બાદ શિવના થંબલીમાં મતદાન અટકાવવામાં આવ્યું હતું. કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કનકપુરામાં પોતાનો મત આપ્યો હતો. ઈસરોના વડા એસ. સોમનાથે તિરુવનંતપુરમમાં પોતાનો મત આપ્યો. તેમણે કહ્યું, "મને મત આપીને ખૂબ જ આનંદ થાય છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ચામરાજનગરમાં મતદાન કર્યું હતું. ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડે એક સામાન્ય નાગરિકની જેમ કતારમાં ઉભા રહી બેંગ્લોર નોર્થના ડૉલર કોલોનીમાં સ્થિત મતદાન મથક પર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## સંતો-મહંતો અને સેવકગણોની હાજરીમાં

# રાજુલા તાલુકાના વડલી ગામના ૧૦૦ વર્ષના વૃધ્ધે મતદાન કર્યુ

રાજુલા,તા.૨૬



તસ્વીર : ગોપાલ રાઠોડ

લોકસભાની ચૂંટણી-૨૦૨૪માં ચૂંટણી પંચ દ્વારા આ વખતની ચૂંટણીમાં વૃધ્ધોને ચૂંટણી પૂર્વે મતદાન કરવાનુ હોય તો કરી શકે છે જેથી અમરેલી જિલ્લામાં પ્રથમ મત રાજુલાના વડલી ગામના અરશીભાઈ ભીખાભાઈ જીંજાળા (ઉ.વ.૧૦૦) એ મતદાનની ઈચ્છા વ્યકત કરતા ચૂંટણી વિભાગના સ્ટાફે વૃધ્ધના ઘરે જઈ મતદાન કરાવ્યું હતુ. જે રીતે ચૂંટણીપંચ અને અમરેલી જિલ્લાનાં વહીવટી તંત્રએ કરેલા પ્રયાસોના કારણે મતદાતાઓમાં જાગૃતિ આવી છે, જે રીતે તંત્ર મતદાનનો પ્રચાર પ્રયાસ કરે છે તે જોતા અમરેલી જિલ્લામાં વધુ મતદાન થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. ૧૦૦ વર્ષીય વૃધ્ધ અરશીભાઈએ મતદાન કરી યુવાઓને મતદાન જાગૃતિનો સંદેશો પુરો પાડયો હતો.

## ઉમેદવારો પાસે પરિણામ જાહેર થયા પછી ઇવીએમના માઇક્રોકન્ટ્રોલર પ્રોગ્રામની ચકાસણી કરવાનો વિકલ્પ હશે

# બેલેટ વોટિંગની પીટીશનને ફગાવી દેતી સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) વોટની ૧૦૦ ટકા ચકાસણી વોટર વેરિફાઈએબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએટી) સ્લિપ દ્વારા કરવાની માંગ કરતી તમામ અરજીઓને ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે બેલેટ પેપર દ્વારા મતદાન કરાવવાની અરજીઓને પણ ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે બે નિર્દેશો આપ્યા છે - પહેલો એ છે કે સિમ્બોલ લોડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, સિમ્બોલ લોડિંગ યુનિટ્સ સીલ કરવામાં આવે અને તેને ઓછામાં ઓછા ૪૫ દિવસ સુધી સંગ્રહિત કરવામાં આવે. આ ઉપરાંત, બીજી સૂચના એ છે કે ઉમેદવારો પાસે પરિણામ જાહેર થયા પછી એન્જિનિયરોની ટીમ દ્વારા ઈવીએમના માઈક્રોકન્ટ્રોલર પ્રોગ્રામની ચકાસણી કરવાનો વિકલ્પ હશે. આ માટે ઉમેદવારે પરિણામ જાહેર થયાના સાત દિવસમાં અરજી કરવાની રહેશે. તેનો ખર્ચ ઉમેદવારે પોતે ઉઠાવવાનો રહેશે. અગાઉ, બે દિવસની સતત સુનાવણી પછી, બેન્ચે ૧૮ એપ્રિલે અરજીઓ પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.



જોકે, બુધવારે સુપ્રીમ કોર્ટે આ મામલાને ફરીથી લિસ્ટ કર્યો હતો. ત્યારે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસેથી કેટલીક બાબતો અંગે સ્પષ્ટતા માંગી હતી. જે બાદ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ચુકાદો અનામત રાખતી વખતે, સર્વોચ્ચ અદાલતે ટિપ્પણી કરી હતી કે તે ચૂંટણીને નિયંત્રિત કરી શકતી નથી, ન તો બંધારણીય સંસ્થા માટે નિયંત્રણ સત્તા તરીકે કામ કરી શકે છે. ખોટું કરનારને પરિણામ ભોગવવા માટે કાયદા હેઠળ જોગવાઈઓ છે. અદાલત માત્ર શંકાના આધારે આદેશ આપી શકે નહીં.

કોર્ટે કહ્યું કે તે એવા લોકોની વિચાર પ્રક્રિયાને બદલી શકશે નહીં જેઓ વોટિંગ મશીનના ફાયદા પર શંકા કરે છે અને મતપત્રો પર પાછા ફરવાની હિમાયત કરે છે. આ સિવાય બુધવારે નિર્ણય અનામત રાખતી વખતે બેંચે નાયબ ચૂંટણી કમિશનર નીતિશ વ્યાસને કોર્ટમાં બોલાવ્યા હતા અને પાંચ મુદાઓ પર સ્પષ્ટતા માંગી હતી. કોર્ટે કહ્યું, અમે ઈવીએમ વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો જોયા છે. અમે ત્રણ-ચાર બાબતો પર સ્પષ્ટતા ઈચ્છીએ છીએ. અમે હકીકતમાં ખોટા બનવા માંગતા નથી પરંતુ અમારા નિર્ણયની બમણી ખાતરી કરવા માંગીએ છીએ અને તેથી આ સ્પષ્ટતા માંગીએ છીએ. ખંડપીઠે જે પાંચ પ્રશ્નોના જવાબો માંગ્યા હતા તેમાં ઈવીએમમાં સ્થાપિત માઈક્રોકન્ટ્રોલર રિપ્રોગ્રામેબલ છે કે કેમ તે સામેલ છે. આના પર વ્યાસે કોર્ટને કહ્યું હતું કે **EVM**, વોટિંગ, કંટ્રોલ અને વીવીપીએટીના ત્રણેય યુનિટમાં માઈક્રોકન્ટ્રોલર લગાવવામાં આવ્યા છે. આ ફક્ત એક જ વાર પ્રોગ્રામ કરી શકાય છે.

તેમણે કહ્યું કે, સામાન્ય રીતે ઈવીએમ મશીનોને ૪૫ દિવસ સુધી સુરક્ષિત રાખવામાં આવે છે. ચૂંટણી અરજી દાખલ કરવાના કિસ્સામાં, સમયમર્યાદા લંબાવવામાં આવે છે.

OPEN INTERVIEW

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સર્વજીવહિતાવહ ટ્રસ્ટ સંચાલિત

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ કુમાર-કન્યા વિદ્યાલય - દ્રોણેશ્વર

નીચે મુજબની યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો જોઈએ છે

| વિભાગ | લાયકાત | વિષય |
|---|---|---|
| પ્રાથમિક | B.A/P.T.C/ B.ED./C.P.ED./B.P.ED | તમામ વિષય |
| માધ્યમિક | M.A/B.SC/ M.SC/B.ED./ C.P.ED./B.P.ED | તમામ વિષય |
| ઉચ્ચતર માધ્યમિક | M.A./M.COM./ B.ED./B.P.ED | તમામ વિષય |

INTERVIEW :- ઉપર મુજબની લાયકાત પ્રમાણે અપના જરૂરી સર્ટીફીકેટ સાથે તારીખ : ૦૩/૦૫/૨૦૨૪ શુક્રવારનાં રોજ સવારે ૧૧:૦૦ કલાકથી સાંજે ૪:૦૦ સુધીમાં રૂબરૂ આવવાનું રહેશે.

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-દ્રોણેશ્વર, તા.ગીર ગઢડા, જી. ગીર સોમનાથ ૩૬૨૫૩૦

સંપર્ક નં:- ૯૪૨૬૯૦૪૪૯૧, ૯૪૨૯૧૬૦૪૫૧

જોઈએ છે

(વિરપુર કેળવણી મંડળ - વિરપુર સંચાલિત )

શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ - વિરપુર, તા.ધારી, જી.અમરેલી-૩૬૫૬૪૦

ઉચ્ચ. પ્રાથમિક વિભાગ - ધો.૬ થી ૮ માટે

| ક્રમ | જગ્યાનું નામ | વિષય | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧ | શિક્ષક | તમામ વિષયો (અંગ્રેજી / સંસ્કૃત/ ગણિત/ વિજ્ઞાન / હિન્દી /ગુજરાતી/ સમા. વિજ્ઞાન) | PTC/B.A/ M.A/M.Sc/ B.Ed/ TET/ TAT |
| ૨ | કલાર્ક/શિક્ષક | કોમ્પ્યુટર | કોમ્પ્યુટરનાં જાણકાર |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારો એ દિવસ-૧૫માં સાદી પોષ્ટથી ઉપરના સરનામે અરજી કરવી

સંપર્કનં:-૯૨૬૫૪૦૪૪૦૨/૯૯૨૫૨૦૭૫૪૦

મંત્રીશ્રી, વિરપુર કેળવણી મંડળ - વિરપુર | પ્રમુખશ્રી, વિરપુર કેળવણી મંડળ - વિરપુર

એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...

નિત્યમ વિદ્યા સંકુલ

Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com

ADMISSION OPEN

બાલમંદિર થી ધો. ૧૨

લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા

ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી

9586102525 / 94274 55593 / 94288 92183

નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.

- પ્રી-પ્રાયમરી: PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
- ધો. ૧ થી ૫: PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
- ધો. ૬ થી ૮: B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
- ધો. ૯, ૧૦: B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
- ધો. ૧૧, ૧૨ (કોમર્સ): M.Com., B.Ed., M.A., B.Ed.
- ડ્રોઈગ, કોમ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
- Office clerk: કમ્પ્યુટરના જાણકાર

ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.

Sheetal

ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ

હવે, 6 KG માં પણ ઉપલબ્ધ



આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...

ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

૬૩,૯૯૦/-

(૧૦ ગ્રામ)

રહેલ તા.૨૬/૦૪/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી, કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

AIMS - એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી

જનરલ મેડિસિન વિભાગ

- ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
- દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
- (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
- મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
- કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુ:ખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
- પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર

ડૉ. કેયૂર આર. કોટડીયા

MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE

હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત

02792222060, 7610810827

એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

## લાઠીના નારણગઢમાં ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં લોકસંવાદ

# કુંકાવાવ તાલુકા પંચાયત સીટમાં ભરત સુતરીયાને મળતુ પ્રચંડ સમર્થન

### દિલિપભાઈ સંઘાણી, કૌશિકભાઈ વેકરીયા, જનકભાઈ તળાવીયા, અશ્વિનભાઈ સાવલીયાની હાજરી







અમરેલી,તા.૨૬

અમરેલી લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા સભાઓ ગજવી રહ્યા છે ત્યારે અમરેલી તાલુકાના ગામડાઓમાં પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ભરતભાઈ સુતરીયાનું નાની બાળાઓ દ્વારા સામૈયા કરીને ઢોલ નગારા સાથે અદકેરું સ્વાગત કરવામાં આવ્યું હતુ. કુંકાવાવ તાલુકાના ૧૦ તાલુકા પંચાયત સીટમાં પ્રવાસ યોજાયો હતો. જેમાં દેવગામ, બાંભણિયા, ભાયાવદર, સૂર્યપ્રતાપગઢ, તરઘરી, ખડખડ, બરવાળા બાવળ, હનુમાન ખીજડીયા, ઢૂંઢીયા પીપળીયા, તોરી સહિતના ગામડાઓમાં ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં સભાઓ યોજવામાં આવી હતી. આ દરેક ગામડાઓમાં સુતરીયાને ભવ્ય સમર્થન મળ્યું હતું. દરેક સભામાં બહોળી સંખ્યામાં ગામના લોકો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડ, બેચરભાઈ ભાદાણી, ભાજપ અગ્રણી દલસુખભાઈ દુધાત, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઈ સાકરીયા, શૈલેષભાઈ ઢુંમર, જલ્પેશભાઈ મોવલિયા, જિલ્લા પંચાયતના સભ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયતના પ્રમુખ પરશોત્તમ હિરપરા, તાલુકા પંચાયતનાં ઉપ પ્રમુખ મનોજભાઈ હપાણી, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, યુવા મોરચાના પ્રમુખ અનિરૂધ્ધભાઈ બોરીચા, જીગરભાઈ સેજપાલ, પ્રતિકભાઈ હરખાણી, રાંદલ દડવા સરપંચ મનસુખભાઈ બરવાળીયા, અરવિંદભાઈ ડોબરીયા, દીલાભાઈ લાવડીયા, રાજુભાઈ દામોદરા, રમાબેન હિરપરા, રવિભાઈ ધાનાણી, ભદ્રેશભાઈ ગજેરા, વિપુલભાઈ ખીમાણી તેમજ સરપંચ અને તમામ મોરચાના હોદેદારો અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની આગેવાનીમાં લાઠીના નારણગઢ ગામે સામાજીક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ લોકસંવાદ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અશ્વિનભાઈ સાવલિયા, વિધાનસભાના સંયોજક જીતુભાઈ ડેર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નારણગઢ ગામના રાજપૂત સમાજના અગ્રણી રામદેવભાઈ પરમારના યજમાનપદે આ કાર્યક્રમ યોજાયો હતો. આ સામાજીક સંવાદ કાર્યક્રમમાં તાજપર, કાંચરડી, મેમદા, ભુરખીયા, ભટ્ટવદર સહિતના ગામોમાંથી આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સભામાં ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જીતુભાઈ ડેર, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભૂતૈયા દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું અને અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને પાંચ લાખથી વધુ મતોની લીડથી વિજય બનાવવા અપીલ કરવામાં આવી હતી. આ તકે જિલ્લા ભાજપના હોદ્દેદારો, તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ, મહામંત્રી, ઉપપ્રમુખ સહિત તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, બક્ષીપંચ મોરચાના પ્રમુખ સહિતના હોદ્દેદારો, રાજપૂત સમાજના તમામ અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, તમામ મોરચા સેલના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના સરપંચો, સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો તેમજ કાર્યકર્તાઅઈી હાજર રહ્યા હતા.

# વીજપડી ગામે ૧૧૪મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો



રાજુલા,તા.૨૬

માધવ સેવા ટ્રસ્ટના સહયોગથી ૨૪ એપ્રિલના રોજ આહિર સમાજની વાડીમાં દાતા નટવરલાલ વૃજલાલ નગદીયા દ્વારા ૧૧૪મો નેત્ર નિદાન કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રાજકોટ રણછોડદાસ હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટર તથા તેમના સ્ટાફ દ્વારા ૧૧૦ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૩૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન આવતા તેમને રાજકોટ લઈ જવાયા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે વેપારી મિત્રો, વડીલો તેમજ દાતા નગદીયા પરિવાર તેમજ સેવા ટ્રસ્ટના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ગાધકડા-વીજપડી માર્ગ ઉપર વૃક્ષને કારણે અકસ્માતનો ભય



સા.કુંડલા,તા.૨૬

ગાધકડા વીજપડી માર્ગ ઉપર આવેલું વૃક્ષ લોકો માટે જોખમી સાબિત થઈ શકે છે. આ વૃક્ષ તદ્દન સુકાઈ ગયું હોય ઓચિંતા આ વૃક્ષ રોડ ઉપર પડવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે મોટો સવાલ એ છે સરકારી તંત્ર આ મામલે કોઈ પગલા લેશે કે પછી માનવ જિંદગી મુશ્કેલીમાં મુકશે? રોડ ઉપરનું આ વૃક્ષ કોઈ અસ્માત નોતરે તે પહેલા તાત્કાલિક અસરથી હટાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

# આયુષ્માન આરોગ્ય મંદિર જાબાળ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસ ઉજવાયો



સાવરકુંડલા,તા.૨૬

બાઢડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં આયુષ્માન મંદિર જાબાળ ખાતે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત બાઢડા મેડિકલ ઓફિસર રિદ્ધિ તથા અલ્પા તેમજ સુપરવાઈઝર ભરતભાઈ ગોસ્વામી તથા જાબાળ આરોગ્ય મંદિરના આરોગ્ય સ્ટાફ ચંદ્રકાંતભાઈ બગડા, વસંતબેન ગીડા તેમજ આશાવર્કર બહેનો દ્વારા એનવી બીડીસીપી કામગીરી, હિટવેવની કામગીરી તેમજ આરોગ્યલક્ષી માહિતી આપવામાં આવી હતી. સાથે જ વધુમાં વધુ મતદાન થાય તે માટે યોગ્ય શિક્ષણ આપી મતદાન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

## ધારાસભ્ય મહેશ કસવાલા સહિતનાઓની હાજરીમાં

# ભરત સુતરીયાને સમર્થન આપવા ખડસલી ગામે આહીર સમાજનો કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે ઉજળીયા હનુમાનજી આશ્રમ ખાતે ભાજપ દ્વારા આહીર સમાજનો સામાજિક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં બહોળી સંખ્યામાં આહીર સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સમાજના અગ્રણીઓમાં જીતુભાઈ કાછડ, રમેશભાઈ કવાડ તેમજ રાજુભાઈ ભૂતૈયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે સાવરકુંડલા લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ સંગઠનના તમામ હોદેદારોએ પણ હાજર રહી ભરતભાઈ સુતરીયાને આહીર સમાજ દ્વારા સમર્થન આપવા નમ્ર અપીલ કરવામાં આવી હતી.

# સ્વામિનારાયણ મંદિર દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી કરવામાં આવી



અમરેલી,તા.૨૬

બી.એ.પી.એસ. સંસ્થાની કાર્યકર પ્રવૃત્તિને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહેલ હોઈ, જેના ભાગરૂપે 'ગૌરવવંતા કાર્યકરોની ગાથા'ના મધ્યમવર્તી વિચાર સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમરેલી ખાતે 'આંતર રાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી પાંચ વર્ષની બાલિકાથી માંડી ૮૦ વર્ષ સુધીના ૧૫૦૦થી વધારે મહિલા ભકતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રાસ-ગરબા, સંવાદ, વીડિયો શો જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે મહિલા ઉત્કર્ષના પ્રેરક પ્રવચનો ઉપસ્થિત સૌએ માણ્યા હતાં. આ કાર્યક્રમમાં અમરેલી શહેરના પ્રતિષ્ઠિત મહિલા ડોકટરો, વિવિધ સેવાકીય સંસ્થા સાથે જોડાયેલ મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314

હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્કિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ખેડૂતોને કપાસ, વરીયાળી સહિત ખેત પેદાશના અપુરતા ભાવને કારણે મુશ્કેલી

# રાજુલામાં કંપનીઓમાં સ્થાનિકોને રોજગારી મળે તે જરૂરી : જેની ઠુમ્મર





અમરેલી,તા.૨૬

અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોનો પ્રવાસ યોજયો હતો. આ દરમ્યાન તેમણે કોવાયા ખાતે ચાલતી ભાગવત કથાનો લાભ લીધો હતો. પ્રવાસ દરમિયાન જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, રાજુલા પંથકમાં પ્રાથમિક સુવિધાનો અભાવ છે. અહીંયા સારી શૈક્ષણિક સંસ્થાઓ નથી, હોસ્પિટલની સુવિધાઓ નથી. આ વિસ્તામાં મહાકાય કંપનીઓ છે પરંતુ સ્થાનિક લોકોને પુરતી રોજગારી મળતી નથી, આ વિસ્તારના યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે મહાનગરોમાં જવુ પડે છે જેના કારણે વાલીઓને શિક્ષણ અને હોસ્ટેલની ફીનો લાખો રૂપિયાનો ખર્ચો થાય છે. આ વિસ્તારમાં લોકોને પાયાની સુવિધાઓ મળતી નથી. ખેડૂતોને કપાસ, મગફળી અને અન્ય ખેત પેદાશોના પુરતા ભાવ મળતા નથી ત્યારે ખેડૂતોની હાલત કફોડી થઈ છે. આ વિસ્તારના લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેનીબેન ઠુમ્મરે વધુમાં જણાવ્યું કે મારી પહેલી પ્રાથમિકતા આ વિસ્તારમાં સારી શૈક્ષણિક સંસ્થાઓ આવે, એન્જિનિયરીંગ કોલેજો આવે અને સ્થાનિક લોકોને કંપનીઓમાં વધુમાં વધુ રોજગારી મળે તેવી રહેશે. જયારે આ વિસ્તારના લોકોને સારી આરોગ્યની સુવિધા મળે તે માટે સરકાર આધુનિક ઈન્ફાસ્ટ્રકચરનું નિર્માણ કરે તેવી અમારી પ્રાથમિકતા અને માંગણી રહેશે. કોંગ્રેસ-ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવશે તો ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે. આ તકે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરૂએ જણાવ્યુ કે આ વિસ્તારમાં બેરોજગારીનો મોટો પ્રશ્ન છે. અહીંયા રેલ્વેની પુરતી સુવિધાઓ નથી, લોકોને ફક્ત ખાનગી વાહનો અને એસ. ટી. પર નિર્ભર રહેવુ પડે છે. ત્યારે આવનાર સમયમાં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવે તો આ વિસ્તારમાં રેલવે પર કામ થાય તેવા અમારા પ્રયાસો રહેશે. આ તકે જેનીબેન ઠુમ્મર સાથે તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગાંગાભાઈ હડીયા, શિવાભાઈ વાઘ, આતાભાઈ, અબ્દુલભાઈ, મગનભાઈ, રાજુભાઈ, ખીમભાઈ કળસરીયા, ભરતભાઈ, અબ્દુલભાઈ સલોત, દિપકદાદા, રવીભાઈ, જીકારભાઈ, ગાંડાઆતા, ભગવાનભાઈ, સનાભાઈ, હંસાબેન ગુજરિયા, પુનાભાઈ સાખંટ, સોનાભાઈ બારૈયા, છગનભાઈ ગુજરિયા, બેચરભાઈ બાંભણિયા, અતુલભાઈ શિયાળ, ભગત દાદા, લાલભાઈ પરમાર, સુરેશબાપુ ભારતી, શંભુદાસ ખાખી સહિત વિશાળ સંખ્યામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો જોડાયા હતા.

**ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવશે તો ખેડૂતોનું દેવુ માફ કરાશે : કોંગ્રેસ**

### શિબિરમાં બાળકોને પ્રોત્સાહિત કરવા અનુરોધ

## બાલ કેળવણી મંદિર-બગસરા દ્વારા ગ્રીષ્મ બાળ સર્જન શિબિર યોજાશે

બગસરા,તા.૨૬

બાળ કેળવણી મંદિર બગસરા સંચાલિત લાલચંદભાઈ વોરા બાલ ભવન બગસરા દ્વારા ગ્રીષ્મ બાળ સર્જન શિબિર આગામી તારીખ ૨૪ થી ૩૦ એપ્રિલ સુધી રાખેલ છે. જેમાં ૧૨૫ બાળકો પાસે બાળવાર્તા, બાળ રમતો, વેસ્ટમાંથી બેસ્ટ, બાળ વિજ્ઞાન પ્રયોગ, ગણિત વિજ્ઞાનનાં પ્રયોગો, બાળ અભિનય ગીતો વગેરે પ્રવૃત્તિઓ રાજકોટ, ભાવનગર, બોટાદ અને અમરેલી બાળ નિષ્ણાતો દ્વારા કરાવવામાં આવશે. આ બાબતે સંસ્થાના શુભેચ્છો અને બાળકોને પ્રોત્સાહિત કરવા આવવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે. આ તકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રફુલભાઈ સાવલિયાએ બાળ કેળવણીની મુલાકાત લઈ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ શિબિરનો સમય સવારના ૯ થી બપોરના ૧૨ સુધી તથા બપોરના ૨ થી સાંજના ૫ સુધી રાખેલ છે. આ શિબિરમાં બાળકોને પ્રોત્સાહિત કરવા વાલીઓ આવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

### ઘાયલ કર્મચારીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

## ધારી તાલુકાના નાગ્રધા ગામે રેસ્કયુ કરવા ગયેલા વનકર્મી પર સિંહબાળનો હૂમલો



ધારી,તા.૨૬

અમરેલી જિલ્લામાં અવારનવાર સિંહ દ્વારા નાના પાઠડા પર હુમલો કરવાની ઘટનાઓ બનતી રહે છે. આવી જ એક ઘટના ધારી તાલુકાના નાગધ્રા ગામે વહેલી સવારે સિંહ પરિવાર દ્વારા મારણ કરવા દરમ્યાન બની હતી. જેમાં નર સિંહે ચારથી પાંચ મહિના નાના સિંહબાળ પર હૂમલો કરતા આ સિંહબાળનું રેસ્કયૂ કરવા માટે વનવિભાગની ટીમ પહોંચી હતી અને બચાવ કામગીરી ચાલુ હતી તે દરમ્યાન બાળસિંહે વનવિભાગના કર્મચારી નિર્મળભાઈ વાળા ઉપર હૂમલો કરતા તેમને સારવાર અર્થે સરકારી દવાખાના ખાતે લઈ જવાયા હતા.

### સંતો-મહંતો અને સેવકગણોની હાજરીમાં

## સા.કુંડલાના ખડસલી ગામે હનુમાન જન્મોત્સવ ઉજવાયો



સા.કુંડલા,તા.૨૬

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે આવેલ ઉજળીયા હનુમાનજી આશ્રમ ખાતે ધામધૂમપૂર્વક હનુમાન જયંતી મહોત્સવ તેમજ આશ્રમના મહંત વસનદાસજી મહારાજની પ્રથમ પુણ્યતિથિ પણ ઉજવવામાં આવી હતી.

ખડસલી, મેરીયાણા, ગાધકડા, વીજપડી, લીખાળા, છાપરી, ભોકરવા, ચીખલી જેવા ગામના સેવક સમુદાય સહિત તમામ ઉપસ્થિત રહ્યા હતા અને સુંદરકાંડના પાઠ તેમજ હવન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આજુબાજુના તમામ ગામના ગ્રામજનો આ ભગીરથ કાર્યમાં જોડાયા હતા તેમજ સંતો મહંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ. નરભેરામભાઈ લવજીભાઈ ચુડાસમા (ઉ.વ.૭૧) તા.૨૧/૦૪/૨૦૨૩ના રોજ શ્રી ગોપાલચરણ પામેલ છે. તે રમણીકભાઈ લવજીભાઈ ચુડાસમા, પ્રવિણભાઈ લવજીભાઈ ચુડાસમાના ભાઈ તથા શૈલષભાઈ, મહેન્દ્રભાઈ, પન્નાભાઈ પંકજકુમાર, ગોપીબેન દિપકુમાર આમરસેડાના પિતાજી થાય. તેમનું બેસણું સદગતની ઉત્તરક્રિયા તા.૦૨/૦૫/૨૦૨૪ને ગુરુવારના રોજ વાંઝા જ્ઞાતિ સમાજ વાડી વાંઝાવાડ બગસરા ખાતે રાખેલ છે.

**બગસરા**

સ્વ. મણિશંકર કાનજીભાઈ ધાંધિયા (ઉ.વ.૮૪) તા.૨૪ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે ભીખુભાઈ તથા ભાવિનભાઈ તથા દક્ષાબેન ભરતકુમાર બોરીસાગર, અનસુયાબેન વિપુલકુમાર જાની, ઉર્મિલાબેન ગિરીશકુમાર ચાઉના પિતાશ્રી તથા હરિભાઈ તેમજ નવલભાઈના મોટાભાઈ થાય છે. તેમનું બેસણુ તારીખ ૨૭ શનિવાર સાંજના ૪ થી ૬ કલાકે ગાયત્રી મંદિર બગસરા ખાતે રાખેલ છે.


**॥ બજરંગ સ્ટીલ ॥**

અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે

સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી

અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨



KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ


વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા


ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


## ખૂબ - ખૂબ અભિનંદન



શ્રી જયેશભાઈ પંડ્યા સભ્ય (ચેમ્બર ઓફ કોમર્સ) બગસરા

પરમ મિત્ર શ્રી જયેશ પંડયાને ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં વિજયી બનવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન સહ સામાજિક ક્ષેત્રે આગળ વધો તેવી હાર્દિક શુભકામના

લી.
**શ્રી કમલેશભાઈ બી. જોષી (કકુ)**
સદસ્ય વોર્ડ નં.3
નગરપાલિકા-બગસરા

## નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી, મું.લાઠી

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૯/૨૪** તા.૨૬/૦૪/૨૦૨૪

વિવાદી:- શ્રી સવજીભાઈ ગંગદાસભાઈ કુંભાણી,
રે. ચરખા, તા.બાબરા, જિ.અમરેલી (મો.નં.૯૭૨૬૪૧૦૦૨૪)

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મું.ચરખા, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે.ચરખા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પિતા ગંગદાસભાઈ નાનજીભાઈ કુંભાણીનું મરણ તા.૨૦/૦૪/૧૯૫૩ અને અરજદારશ્રીના માતા ધોળીબેન ગંગદાસભાઈ કુંભાણીનું મરણ તા.૦૮/૦૮/૧૯૫૩ ના રોજ મોજે. ચરખા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૩/૨૪થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી


**વી. કે. મોટર્સ**

VK MOTORS Giving you joy of Best Ride... MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com



દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....

SINCE 1990



: ઓર્થો.ડીલર: Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR

**તુલસી રેફ્રીજરેશન**
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....

દુ. ૬/૭- ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555
For product registration, SMS <WTA> to 9289525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# અકાળાના વેપારી પાસેથી સિંગતેલના ડબ્બા મંગાવી રૂ.પ.૬૬ લાખની છેતરપિંડી કરી

### એચ. જે.બરવાડીયાએ વધુ તપાસ કરી રહ્યા છે

લાઠી, તા.૨૬

લાઠીના અકાળા ગામે રહેતા અને વેપાર કરતાં એક યુવક પાસેથી સુરતના ઈસમે સિંગતેલના ડબ્બા મંગાવ્યા હતા. જે બાદ પેમેન્ટ ન કરીને ૫,૬૬,૩૮૫ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. બનાવ અંગે રાકેશભાઈ નાથાભાઈ ખુંટ (ઉ.વ.૩૫)એ સુરતમાં રહેતા નિશાંતભાઈ મધુભાઈ જાવીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ફોન કરી સિંગતેલના ડબ્બાનો મોટા જથ્થાનો ઓર્ડર આપવાની લાલચ આપી, વિશ્વાસમાં લઈ સિંગતેલના ડબ્બા નંગ-૧૮૧ ટેક્ષ સહિત કુલ રૂ.૫,૬૬,૩૮૫નો મુદ્દામાલ ફોન મારફતે મંગાવ્યો હતો. પ્રથમ અમરેલી ખાતે ૫૫ ડબાની તથા સુરત ખાતે અલગ અલગ ત્રણ જગ્યાએ કુલ-૧૨૬ ડબાની ડિલિવરી કરાવી પેમેન્ટ આર.ટી.જી.એસ કરવાનું કહ્યા બાદ અવાર-નવાર પૈસાની ઉઘરાણી કરવા છતા પૈસા ન ચુકવી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.જે.બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા શહેરમાં પરશુરામ જયંતી ઉજવવા અંગે બેઠક મળી

અમરેલી,તા.૨૬



સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજ પ્રેરિત પરશુરામ સેના દ્વારા આગામી તારીખ ૧૦-૦૫-૨૦૨૪ શુક્રવારના (અખાત્રીજ) રોજ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા ભગવાન પરશુરામજીના અવતરણનો દિવસ છે. તેથી આ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજ પ્રેરિત પરશુરામ સેના દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું બ્રહ્મપુરી સાવરકુંડલા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પરશુરામ સેના દ્વારા એક બેઠક કરવામાં આવી હતી. સાવરકુંડલા શહેર, તાલુકામાં વસતા સમસ્ત બ્રહ્મસમાજના તમામ ભૂદેવ ભાઈ-બહેનો અને સ્વયંસેવકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પરશુરામ જયંતીએ શહેર સુશોભિત કરવા, બેનરો લગાવવા, ભવ્ય શોભાયાત્રા તેમજ દાતા તરફથી બ્રહ્મચોર્યાસીનું ભવ્ય આયોજન તેમજ પરશુરામ સેના દ્વારા સાવરકુંડલા શહેર તથા તાલુકામાં વસતા તમામ ભૂદેવ પરિવારોને શોભાયાત્રામાં જોડાવાની હાકલ કરવામાં આવી હતી.

# જિલ્લામાં ૪ જગ્યાએથી વિદેશી દારૂની ૭૨ બોટલ મળી

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં લોકસભા ચૂંટણીને લઈ પોલીસ દ્વારા પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે કડક કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ચાર સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૨ બોટલો મળી આવી હતી. દામનગરમાંથી ૧૭ બોટલ, અભરામપરા ગામેથી ૨૪ બોટલ, અમરેલી બાયપાસ લીલીયા રોડ પરથી ૨૨ બોટલ તથા લીલીયા તરફથી પીપળવા ગામ તરફ જતા રોડ ઉપર રોજીઆઈ માતાજીની ડેરી પાસે રોડ ઉપરથી ૧૨ બોટલ મળી કુલ ૭૨ બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાયો હતો. પોલીસે કુલ ૨૩,૯૪૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ૮ સ્થળેથી મળી ૮૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. નાગેશ્રી ગામેથી ૨ સહિત જિલ્લામાંથી કુલ ૭ પ્યાસી પકડાયા હતા.

# સાવરકુંડલાના શિલ્પકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જર્મન અને પિત્તળની શીટ પર ચિત્ર બનાવ્યું

સાવરકુંડલા, તા.૨૬



સાવરકુંડલાની કંસારા બજારમાં દુકાન ધરાવતા બળવંતભાઈ રાઠોડના પુત્ર કેતનભાઈ ૨૦૧૬થી જર્મન, સિલ્વર અને પિત્તળની શીટ ઉપર મેન્યુઅલી કોતરકામ કરી સુંદર મજાની કલાકારીગરી કરી રહ્યા છે. જેમાં સાધુ સંતોની તસવીરો હોય, કોઈ વ્યક્તિની તસ્વીરો હોય કે લગ્નમાં વપરાતા દીવડા હોય અદભુત કારીગરી દ્વારા આ કલાકૃતિ બનાવવામાં આવે છે અને નકશીકામ કર્યા બાદ તેમને ચાંદીની પ્લેટ ચડાવી લેમિનેશન પણ કરવામાં આવે છે. આ કારીગર નરેન્દ્ર મોદીનો ચાહક છે અને છેલ્લા દોઢ બે મહિનાની અથાગ મહેનત બાદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરનું કોતરકામ કરી ચાંદીથી પ્લેટિંગ કરી અને લેટેસ્ટ લાઈટિંગ વાળી ફ્રેમ બનાવી કલાકૃતિ તૈયાર કરી છે. નરેન્દ્ર મોદીનું ચિત્ર, કમળ અને ૨૦૨૪ લખેલી આ આકર્ષક કલાકૃતિ તે રાજકોટ, જૂનાગઢ કે સૌરાષ્ટ્રમાં જ્યાં પણ મોદી સાહેબ આવવાના હશે ત્યાં તેમને રૂબરૂ અર્પણ કરવાની ઈચ્છા પણ ધરાવે છે. ૨૫ હજારના ખર્ચે બનેલી આ આકર્ષક કલાકૃતિને જોવા લોકો આવી રહ્યા છે.

# અમરેલી જિલ્લા સબ જેલ બેરેક નં.૫ માંથી મોબાઈલ મળી આવ્યો

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લા જેલ યાર્ડ નંબર ૩ની બેરેક નં ૫ માંથી સીમકાર્ડ સાથેનો મોબાઈલ બીનવારસી હાલતમાં મળી આવ્યો હતો.

અમરેલી જિલ્લા જેલના જેલર, ગ્રુપ-૨, કે.વી.ગઢવીએ ૨૫/૦૪/૨૪ના રોજ રાત્રે નાઈટ ફરજ પરના સ્ટાફ તથા અન્ય કર્મચારીઓ સાથે જેલની અંદર સર્કલમાં આવેલ યાર્ડ નં.૦૩ ની બેરેક નં.૦૫ ની અચાનક ઝડતી કરી હતી. જેમાં કીપેડ મોબાઈલ ફોન, વોડાફોન કંપનીનું સીમકાર્ડ તથા બેટરી બીનવારસી હાલતમાં મળી આવ્યા હતા.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.વી.લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શહેરમાં માર્બલની પાટો માથે પડતા યુવકનું કરૂણ મોત

### જે.એન. મહેતા કોલેજમાં બનાવ બન્યો

અમરેલી,તા.૨૬

અમરેલીમાં લાઠી રોડ પર આવેલ જે.એન. મહેતા કોલેજમાં બોલેરોમાંથી માર્બલની પાટ ઉતારતા એક યુવક પર અકસ્માતે પાટો પડી હતી. જેના કારણે ગુંગળાઈ જવાથી તેનું મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ખંડાલા ગામના અને હાલ અમરેલીમાં રહેતા સુનિલભાઈ રણસિંહ અજનાર (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, મુકેશભાઈ કેશરસિંહ અજનાર (ઉ.વ.૩૦) લાઠી રોડ ઉપર આવેલ જે.એન. મહેતા કોલેજમાં કામ ચાલુ હોય ત્યાં બોલેરો પીકઅપમાંથી માર્બલની વજનદાર પાટો ઉતારવાનું કામ કરતા હતા ત્યારે બોલેરોમાં એકલા માર્બલની ચારેય પાટોને હાથથી ટેકો દઈને ઉભા હતા ત્યારે અચાનક માર્બલની ચારેય પાટો પડતા દબાઈ જવાથી ગુંગળામણ થવાના કારણે સારવાર પહેલા મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.ટી. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભામાં હાર્ટ એટેકથી યુવતીનું મોત નિપજ્યું

ખાંભા, તા.૨૬

ભાવનગરના તળાજા તાલુકાના ટાઢાવડ ગામે રહેતા જીલુભાઈ બચુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની ભત્રીજી શીતલબેન અમરસંગભાઈ ચૌહાણ (ઉ.વ.૨૩) ખાંભામાં રહીને નોકરી કરતી હતી. તે તેના વતનના ઘરેથી ખાંભા ગામે આવતા તબિયત સારી ન હોવાથી પ્રથમ ખાંભા સરકારી દવાખાને જઇ વધુ સારવાર માટે સાવરકુંડલા સરકારી દવાખાને લઈ ગયા હતા.

જ્યાં હાજર ડોકટરે તપાસ કરી હાર્ટ એટેકથી મરણ થયાનું જાહેર કર્યુ હતું. યુવતીના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે ૨૦૨૩માં નાગરિકોને ૨૩,૩૦,૪૭૪ પરત અપાવ્યા

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના સાયબર ક્રાઈમ પો.સ્ટે. ખાતે વર્ષ ૨૦૨૩ દરમિયાન અલગ-અલગ નાગરિકોની સાયબર ક્રાઈમ નાણાકીય ફ્રોડની અરજીઓ આવી હતી. જે બાદ આ અરજીઓ અંગે તાત્કાલીક જીણવટભરી તપાસ કરી અને અરજદારોના નાણાં પરત અપાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ હતી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી દ્વારા કુલ-૯૩ અરજદારોના બેંક એકાઉન્ટમાંથી ગયેલ ૧૦૦% રકમ પરત અપાવીને કુલ રૂ.૨૩,૩૦,૪૭૪ પરત અપાવવાની કામગીરી કરી હતી.

આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ.કોલાદરા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.એમ.પરમાર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.એમ.અગ્રાવત તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એમ.કડછા તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

આ ઉપરાંત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષીત રહેવા માટે અપીલ કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૨૭-૦૪-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૩,
સૂર્યાસ્ત-૦૬:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૪-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ શુભ રહેશે. પ્રવાસનો યોગ છે. જો કે આ પ્રવાસ સામાન્ય રીતે ફાયદાકારક રહેશે. આજે ખર્ચ આવક કરતા વધારે છે.

વૃષભ: તમારી કાર્ય કુશળતાથી તમે દુશ્મનો પર જીત મેળવશો. તમારા વિરોધીઓ લાખો પ્રયત્નો કર્યા પછી પણ તમને મુશ્કેલી આપી શકશે નહીં.

મિથુન: તમારા જીવનસાથીનો સહયોગ મળશે. વ્યાવસાયિક પ્રયત્નોથી સારું ફળ મળશે. નવા વ્યવસાયમાં આજે તમારા વિરોધીઓ પરાજિત થશે.

કર્ક: દિવસ સારો છે, યુવાનો કે જેમણે હાલમાં જ પોતાની કારકિર્દી શરૂ કરી છે, તેઓને આજે તેમની ઓફિસમાં તેમની પ્રતિભા દર્શાવવાની તક મળશે.

સિંહ: આજે રાજકીય કાર્યોમાં અડચણો આવશે. ધ્યાનમાં રાખો કે આજે તમને તમારી મહેનતના પ્રમાણમાં બમણો લાભ મળશે.

કન્યા: આજે તમારો અડધો દિવસ દાન કરવામાં ખર્ચ કરશો. નોકરી-ધંધામાં આજે તમારી ક્ષમતા અને કાર્યક્ષમતાની પ્રશંસા થશે.

તુલા: નોકરી અથવા ધંધામાં નવી ટેક્નોલોજીની માહિતી તરફ આપની રુચિ વધશે. એકંદરે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે.

વૃશ્ચિક: આજે જીવનસાથી સાથે વૈચારિક મતભેદની સ્થિતિ બની શકે છે. તેથી તમારી વાણી પર નિયંત્રણ રાખો.

ધન: આજે મિશ્ર ફળદાયી દિવસ છે, સમાજમાં એક સારી છબી બનાવવામાં આવશે. ચાલુ કાર્યમાં સાવચેત રહેવું. પ્રમોશન માટેની તકો મળશે.

મકર: આજે કોઈ નવી ડીલથી અચાનક ધન લાભ થશે. પત્ની અથવા કોઈ બાળકની તબિયત અચાનક બગડવાના કારણે ઘરમાં તણાવ થઈ શકે છે.

કુંભ: આજે તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણ હળવું કરી શકશો. આજે ઘણાં દિવસોથી ચાલતી મનની બેચેની શાંત થઈ જશે.

મીન: કોઈ મોટી સફળતાનો આનંદ મળશે. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે. બપોરે વિરોધીઓને જીતવાની પ્રબળ સંભાવના છે.

# રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ

રાજુલા, તા.૨૬




મેલેરીયા મુક્ત ગુજરાતના ઉદ્દેશને સાકાર કરવા માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રશ્મિકાંત જોષી અને જિલ્લા મેલેરીયા અધિકારી ડૉ.અરુણ કુમાર સિંઘના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ કચેરી રાજુલા તળેના ગ્રામ્ય અને શહેરી આરોગ્ય સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, શાળાઓમાં આરોગ્ય શિક્ષણ અને જનજાગૃતિ રેલી દ્વારા વધુ સમાન વિશ્વ માટે મેલેરીયા સામેની લડાઈને વધુ વેગ આપીએની થીમ પર ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મેલેરિયાનું નિદાન સરકારી દવાખાનામાં વિનામૂલ્યે ઉપલબ્ધ હોવાનું અને રાજુલા તાલુકામાં મેલેરીયાના કેસને ડામવા માટે આરોગ્ય સ્ટાફ દ્વારા જનજાગૃતિ રેલી તેમજ ઘરે ઘરે સર્વે કરી મચ્છરના ઉત્પતિ સ્થાનોનો નાશ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી.

# જાળીયા ગામે વાડીએ પતિએ ઠપકો આપતાં પત્નીએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૨૬

અમરેલીના જાળીયા ગામે મધ્યપ્રદેશના અલીરાજપુરના ચીખલદી ફળીયુંનું દંપતી વાડીએ રહીને મજૂરી કરતું હતું. પતિએ પત્નીને ઠપકો આપતાં ખડ બાળવાની ઝેરી દવા પી લીધી હતી. લલકાબેન પ્રકાશભાઈ ભુરીયા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, તેમના બાળકો વાડીએ પાણીના ધોરીયામાં મસ્તી કરતા હતા. તેને લઈ પતિએ ઠપકો આપતા લાગી આવતા પોતાની મેળે ખડમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી.જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી પોસ્ટ ઓફિસ પાસેથી વેપારીનું બાઈક ચોરાયું

અમરેલી, તા.૨૬

અમરેલી પોસ્ટ ઓફિસ બહાર પાર્કિંગમાંથી વેપારીએ પાર્ક કરેલા બાઈકની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. નયનભાઈ કિરીટભાઈ કારીયાએ જાહેર કરેલી વિગત પ્રમાણે, અમરેલી પોસ્ટ ઓફિસની બહારના પાર્કિંગમાં તેમણે પાર્ક કરેલી મોટર સાયકલની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. જેની પોલીસ ચોપડે કિંમત ૨૫,૦૦૦ જાહેર થઈ હતી.

# હરીપર ગામે રાયણના વૃક્ષ પરથી પટકાતાં પ્રૌઢનું કરૂણ મોત

### ઝાડની ડાળી પરથી પગ લપસતા વૃધ્ધ જમીન પર પટકાયા

લીલાયા, તા.૨૬

લીલીયાના હરીપર ગામે રાયણના વૃક્ષ પરથી પટકાયેલા પ્રૌઢને ઈજા થવાથી કરૂણ મોત થયું હતું. બનાવ અંગે વિનુભાઈ બાબુબાઈ મકાણી (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, તેમના કૌટુંબિક ભાઈ જેન્તિભાઈ નાનજીભાઈ મકાણી (ઉ.વ.૬૦) તેમના ફળીયામાં આવેલ રાયણના ઝાડ ઉપર રાયણ પાડવા ચડ્યા ત્યારે ઝાડની ડાળી ઉપરથી પગ લપસતા નીચે જમીન ઉપર પડતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એલ.એન.પઠાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં કબીર ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૬



સદ્‌ગુરૂ શ્રીકબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સિટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત સુદર્શન નેત્રાલય હોસ્પિટલ અમરેલી દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયું હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા. આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૭૨ દર્દીઓએ લાભ લીધો હતો. તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૫ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ દર મહિનાના ત્રીજા ગુરુવારે છેલ્લા ૧૨ વર્ષથી યોજાય છે.

**તંત્રી લેખ**

# ઋતુચક્ર પરિવર્તનનો પ્રભાવ

સામાન્ય રીતે રણમાં વરસાદ પડતો નથી અને પડે છે તો પણ ખૂબ અલ્પ પ્રમાણમાં પડે છે. દુબઈની અંદર કૃત્રિમ વરસાદનો પ્રયોગ કરવામાં આવ્યો અને એટલો ધોધમાર વરસાદ આવ્યો કે રસ્તા પર ઉભેલી કાર પણ તણાવવા લાગી. કુદરત સામે માનવીએ જે ચેડા કર્યા તેનું આ પરિણામ છે અહીં વાદળાઓને પરાણે વરસવા માટે મજબૂર કરવાથી આવું બન્યું એનો અર્થ એવો થાય કે માનવીએ કુદરત સામે કોઈપણ પ્રકારના ચેડા ન કરવા જોઈએ. માનવીએ પોતાની સ્વાર્થ વૃત્તિને સંતોષવા માટે લીલીછમ વનરાજીનો નાશ કરી નાખ્યો પરિણામે જળવાયુ પરિવર્તન થયું બીજી બાજુ તમામ પ્રકારના પ્રદૂષણોથી જળ, વાયુ દૂષિત થઈ ગયા જેને નિવારવા માટે દુનિયાભરના દેશો એક થાય છે પરંતુ જે વિકાસ પામેલા દેશો છે તે આમાં બરોબર ધ્યાન આપતા નથી. આ સમયે દુનિયાની સામે જળવાયુ પરિવર્તનના પડકાર સામેના જંગની અનિવાર્યતા વિસરાઇ ગઇ હોવાની ચિંતાજનક સ્થિતિ ઉદ્‌ભવી રહી છે. આજે કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી બાજુ ઉતરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ધોધમાર વરસાદ અને ભૂસ્ખલનના બનાવો વધી રહ્યા છે ત્રીજી બાજુ મોટી મોટી હિમશીલાઓ ઓગળી રહી છે જેને કારણે આ નદીઓ પર બનેલા તળાવો ફાટવાથી મોટી જાનહાનિનું જોખમ તોળાઈ રહ્યું છે. પૃથ્વી પરનાં તાપમાનમાં અસામાન્ય વધારો થશે એવી વ્યક્ત થઈ રહેલી ભીતિ હવે અસહ્ય ગરમીના આંકડાથી સાચી ઠરી છે. જળવાયુ પરિવર્તનનાં જોખમો જ્યારે વાસ્તવિક રીતે સામે આવી ચૂક્યાં છે, ત્યારે વિકસિત દેશોનાં જવાબદારીથી છટકવાનાં નકારાત્મક વલણને લીધે આ સંકટ સામેની સજ્જતા સામે સવાલ ઊભા થઈ રહ્યા છે.

ક્લાઈમેટ ચેન્જ અંગે થયેલા પેરિસ કરારમાં દુનિયાનાં તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો ઘટાડો કરવાનો સંકલ્પ જાણે વિસરાઈ ગયો હોય તેવો તાલ સર્જાયો છે. આ વિકટ પરિસ્થિતિ માટે વિકસિત દેશોનાં નિરુત્સાહી વલણને જવાબદાર ગણી શકાય તેમ છે. ભારતમાં પણ ઉનાળાની આ મોસમ વધુ વિકટ અને કાળઝાળ બની રહે એવા સંકેત મળી રહ્યા છે.

આવામાં વિશ્વ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) દ્વારા જળવાયુ ભંડોળના મુદ્દે સુસ્ત પ્રગતિ અંગે ચિંતા વ્યક્ત કરાઈ છે. આ બન્ને નાણાકીય સંગઠનની વાર્ષિક બેઠકમાં જળવાયુ પરિવર્તનના સામના માટે અનિવાર્ય એવાં અબજો ડોલરનાં ભંડોળને એકઠું કરવાની કોઈ નક્કર યોજના ઘડી શકાઈ નથી. આ વર્ષે આઝરબૈઝાનમાં સંયુક્ત રાષ્ટ્રનું જળવાયુ સંમેલન (સીઓપી) યોજાવાનું છે. આ સંમેલનમાં વિશ્વમાં પ્રદૂષણનાં પ્રમાણને રોક્વા માટેનાં સામૂહિક લક્ષ્ય નક્કી કરવા જોઈએ. તેમજ જળવાયુ આર્થિક લક્ષ્ય પર ચર્ચા કરાશે. આમ તો દુનિયાના અમીર દેશો પાસેથી એ અપેક્ષા કરાતી રહી છે કે ૨૦૨૦થી તેઓ દર વર્ષે ૧૦૦ અબજ ડોલરનું ભંડોળ જળવાયુ પરિવર્તનને ખાળવા ફાળવશે. પરંતુ, વૈશ્વિક રીતે આર્થિક તંગીની સ્થિતિને લીધે વિકસિત અને વિકસતા દેશોની આર્થિક પ્રાથમિક્તાઓ બદલી ગઈ છે. આઈએમએફનાં અધ્યક્ષા કસ્ટાલિના જ્યોજિવાના જણાવ્યા મુજબ ૨૦૨૦થી વૈશ્વિક અર્થતંત્રે ૩,૩૦૦ અબજ ડોલર ગુમાવ્યા છે. ગરીબ દેશોની હાલત વધુ કફોડી બની છે. તેમનાં બજેટનો ૧૪ ટકા હિસ્સો ધિરાણ ચૂકવવામાં ચાલ્યો જાય છે. આ ઓછું હોય તેમ વ્યાજના દર વધતાં ભારણ વધી રહ્યું છે.

# પેલેસ્ટાઈન સમસ્યા અણઉકેલ લાગે છે

**પ્રાસંગિક** — સુરેશ દેસાઈ

**ભારતે ઈઝરાઈલ અને પેલેસ્ટાઈન બાબતે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ જાહેર કર્યો છે, પરંતુ કદાચ 'ન્યાયોચિત અને લાંબાગાળાની શાંતિ'ની જરૂરિયાત પર ભાર મૂકવાની સંભાવના હજુ બાકી છે. યુદ્ધ વિરામ પ્રાથમિકતા હોવી જોઈએ**




પેલેસ્ટાઈનની સમસ્યા દાયકાઓ જૂની છે આ એવી સમસ્યા છે જેનો ઉકેલ આજની તારીખે આટલા બધા યુદ્ધ પછી પણ આવ્યો નથી જેવી રીતે ભારત અને પીઓકે વચ્ચે જે વિવાદ ચાલે છે, તેનો ઉકેલ નથી આવ્યો એવી જ રીતે વિશ્વના ઘણા દેશો એવા છે કે જે દેશોના ભાગલા પડ્યા છે અથવા તો નજીકના દેશો સાથેના વિવાદો કાયમી ધોરણે મોટી સમસ્યા રૂપ બન્યા છે. આવી સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો તે પેલેસ્ટાઈનને છે અહીં મહત્વની વસ્તુ એ જ છે કે આ સમસ્યાના ઉકેલ માટે યુદ્ધ એ અંતિમ ઉપાય નથી કારણકે આટલા લાંબા સમયથી યુદ્ધ ચાલે છે પણ એનો કોઈ ઉકેલ આવ્યો નથી આવી જ રીતે આતંકવાદ અને યુદ્ધ બંને રીતે માનવતા સામેના સૌથી મોટા અપરાધો છે તે સમસ્યાનું સમાધાન નથી. ઈઝરાયલ પર ૭ ઓક્ટોબરના રોજ હમાસના લોહિયાળ આતંકવાદી હુમલાના પરિણામ વ્યાપક બન્યા છે. જનસંહારને કારણે પેલેસ્ટેનિયનો પ્રત્યે ઈઝરાયલના વલણની સાથે તેના ઘરેલુ રાજકારણમાં પણ પરિવર્તન આવી શકે છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન થયેલા ભીષણ રક્તપાત પછી અને ભવિષ્યમાં પણ કોઈ સકારાત્મક ઉકેલ નથી.

ઈઝરાયલને અમેરિકાનો સહયોગ મળે છે, જ્યાં ૮૦ લાખ પ્રભાવશાળી યહુદી રહે છે. અમેરિકાની સરકાર આટલી શક્તિશાળી લોબીને પોતાનાથી દૂર કરી શકે નહીં. હમાસના પ્રતિકારમાં ઈઝરાયલ દ્વારા ગાઝા પર કરાયેલી બોમ્બવર્ષામાં હજારોનાં મોત થઈ ચુક્યા છે, પરંતુ યુએન કે વિશ્વ-સમુદાયે તાત્કાલિક સંઘર્ષ વિરામની માગણી કરી નથી. હમાસનો આતંકવાદ ગમે તેટલો નિંદનીય હોય, ઈઝરાયલનો જવાબી હુમલો પણ અમાનવીય છે. નિર્દોષ નાગરિકોનાં મોત રોકવા યુદ્ધ અટકાવવું પ્રાથમિકતા હોવી જોઈએ.

વર્તમાનમાં દુનિયામાં બે અધુરા પ્રોજેક્ટ્સ કાયમી શાંતિના માર્ગમાં અડચણ બનેલા છે. પ્રથમ શીતયુદ્ધની સમાપ્તિ પછી યુરોપનું સુરક્ષા-તંત્રનું અપૂર્ણ માળખું, જેણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રશિયા-યુક્રેન યુદ્ધને જન્મ આપ્યો છે. બીજું છે, ઈઝરાયલ અને પેલેસ્ટાઈનનો મુદ્દો. ભારતે આ બીજાવાળા પર પોતાનો મત વ્યક્ત કર્યો છે, પરંતુ કદાચ 'ન્યાયોચિત અને લાંબાગાળાની શાંતિ'ની જરૂરિયાત પર ભાર મૂકવાની સંભાવના હજુ બાકી છે.

સહુથી પહેલા તો ૭ ઓક્ટોબરના રોજ હમાસના આતંકવાદીઓ દ્વારા એક મ્યુઝિક ફેસ્ટિવલમાં જે રીતે નિર્દોષ ઈઝરાયલીઓ પર હુમલો કરાયો, ૨૬૦થી વધુ લોકોને મારી નાખ્યા અને ડઝનબંધને બંધક બનાવી લીધા, તેની જોરદાર નિંદા કરવામાં ખચકાટ ન હોવો જોઈએ. તેણે એ જ સમયે ઈઝરાયલના નાગરિક અને સૈનિક ઠેકાણા પર બોમ્બવર્ષા પણ કરી, જેમાં હજારો લોકો ઘાયલ થયા. હમાસ એક આતંકવાદી સંગઠન છે, જે ઈઝરાયલના નિયંત્રણવાળી ગાઝાપટ્ટીમાંથી સંચાલિત છે અને તેની ક્રૂરતા જઘન્ય છે. ભારતે આ આતંકવાદી હુમલાની નિંદા કરીને ઉચિત કર્યું છે. આપણે દુનિયામાં થતા દરેક પ્રકારના આતંકવાદના વિરોધી છીએ. ઈઝરાયલ સાથે આપણે નજીકના વ્યુહાત્મક સંબંધ પણ છે અને તે સંરક્ષણ તથા ગુપ્તચર ક્ષેત્રે આપણો સહયોગી દેશ છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયલ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી તો ભારત પોતાની નીતિનું જ પાલન કરતું હતું. જોકે, ડેવિડ બોમ્બના બીજા કેમેરાથી આ ચિત્રને જોઈએ તો અલગ દશ્ય જોવા મળે છે. હિટલરના જર્મનીમાં યહુદીઓને નરસંહારનો સામનો કરવો પડ્યો હતો અને યુરોપના અન્ય દેશોમાં પણ યહુદી વિરોધ ચરમ પર હતો. જોકે, તેમના 'પ્રોમિસ્ડ હોમલેન્ડ'ની સ્થાપના યુરોપમાં કરવામાં ન આવી. તેના બદલે યુએન દ્વારા અપનાવવામાં આવેલા બ્રિટન પાર્ટિશન રિઝોલ્યુશન અંતર્ગત ઈઝરાયલનું નિર્માણ કરાયું અને તેના માટે ઐતિહાસિક પેલેસ્ટાઈનની જમીનનું આડેધડ રીતે વિભાજન કરાયું. ૧૯૮૭ના છ દિવસના યુદ્ધમાં ઈઝરાયલે હાલના સમયમાં ઈઝરાયલના વર્તમાન કબજા વાળા વેસ્ટ બેંક અને પૂર્વ યેરુસલેમની ૨૫૦ વસાહતોમાં સાત લાખ ૫૦ હજાર લોકો રહે છે. ઈઝરાયલે વર્ષ ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૨૧ માં ગાઝા પર આક્રમણ કર્યું હતું જેમાં હજારો પેલેસ્ટાઈનોના મોત થયા હતા જેમાંથી મોટાભાગના નાગરિકો હતા. ૬૦ લાખ શરણાર્થી પડોશી દેશો લેબિનોન, સીરિયા, જોર્ડનના રેફ્યુજી કેમ્પમાં રહે છે.


ઈઝરાયલને અમેરિકાનો સહયોગ મળે છે, જ્યાં ૮૦ લાખ પ્રભાવશાળી યહુદી રહે છે. અમેરિકાની સરકાર આટલી શક્તિશાળી લોબીને પોતાનાથી દૂર કરી શકે નહીં. હમાસના પ્રતિકારમાં ઈઝરાયલ દ્વારા ગાઝા - પર કરાયેલી બોમ્બવર્ષામાં હજારોનાં મોત થઈ ચુક્યા છે, પરંતુ યુએન કે વિશ્વ-સમુદાયે તાત્કાલિક સંઘર્ષ વિરામની માગણી કરી નથી. હમાસનો આતંકવાદ ગમે તેટલો નિંદનીય હોય, ઈઝરાયલનો જવાબી હુમલો પણ અમાનવીય છે. નિર્દોષ નાગરિકોનાં મોત રોકવા યુદ્ધ અટકાવવું પ્રાથમિકતા હોવી જોઈએ. વર્તમાનમાં દુનિયામાં બે અધુરા પ્રોજેક્ટ્સ કાયમી શાંતિના માર્ગમાં અડચણ બનેલા છે. પ્રથમ શીતયુદ્ધની સમાપ્તિ પછી યુરોપનું સુરક્ષા-તંત્રનું અપૂર્ણ માળખું, જેણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રશિયા-યુક્રેન યુદ્ધને જન્મ આપ્યો છે. બીજું છે, ઈઝરાયલ અને પેલેસ્ટાઈનનો મુદ્દો. ભારતે આ બીજાવાળા પર પોતાનો મત વ્યક્ત કર્યો છે, પરંતુ કદાચ 'ન્યાયોચિત અને લાંબાગાળાની શાંતિ'ની જરૂરિયાત પર ભાર મૂકવાની સંભાવના હજુ બાકી છે.

પેલેસ્ટાઈનની સમસ્યા દાયકાઓ પછી પણ ઉકલી નથી આ સમસ્યા ઉકેલવા માટે અનેક પ્રયાસો થયા છે પરંતુ તેમાં હજુ સુધી સફળતા મળી નથી આવી સમસ્યા યુદ્ધથી ઉકેલી શકાય નહીં તેવું હવે જ સૌને લાગે છે કારણ કે યુક્રેન યુદ્ધ લાંબા સમયથી ચાલે છે તેનો ઉકેલ આજની તારીખે આવ્યો નથી. યુદ્ધથી અનેક પ્રકારના માનવીય પ્રશ્ન સર્જાય છે યુદ્ધમાં લાખો નિર્દોષ લોકોના મોત થયા છે આવી રીતે જેને દુનિયાના રાજકારણ સાથે કશી જ લેવાદેવા નથી તેવા અનેક માસૂમ બાળકો પણ અનાથ બન્યા છે. આ એક માનવીય પ્રશ્ન છે. આતંકવાદની જેમ યુદ્ધ પણ એવો પ્રશ્ન છે કે તે સમસ્યાનું સમાધાન નથી. સમસ્યાનું સમાધાન માત્ર શાંતિને માર્ગે આવી શકે તેમ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે. રશિયાના વિખ્યાત લેખક ગ્રંથમાં કહે છે કે યુદ્ધ આખરી ઉપાય નથી આખરી ઉપાય માનવીય દ્રષ્ટિકોણ છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૬૮ |
| ઘઉં લોકવન | ૪૭૮ | ૫૨૩ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૬૮ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૭૫૬ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૮૦ |
| બાજરી | ૩૯૦ | ૪૪૦ |
| તુવેર | ૧૬૦૦ | ૨૪૦૬ |
| ચણા પીળા | ૧૦૯૪ | ૧૨૩૨ |
| ચણા સફેદ | ૧૫૪૨ | ૨૨૬૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૯૦૫ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૯૫૬ |
| ચોળી | ૨૫૫૭ | ૨૮૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૯૩૦ |
| સીંગદાણા | ૧૫૭૦ | ૧૬૯૦ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૩૩૫ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૬૫ |
| તલી | ૨૩૦૦ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૮૧૦ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૦૯ |
| અજમો | ૧૪૫૦ | ૨૬૭૬ |
| સુવા | ૭૫૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૬૫ | ૮૭૨ |
| સીંગફાડા | ૧૧૮૦ | ૧૫૫૫ |
| કાળા તલ | ૨૭૪૫ | ૩૧૪૮ |
| લસણ | ૧૨૩૦ | ૩૨૫૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૭૭૫ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૬૨૫ |
| ધાણી | ૧૪૦૦ | ૨૨૦૧ |
| વરીયાળી | ૯૫૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩,૮૦૦ | ૪,૫૦૦ |
| રાય | ૧૧૩૦ | ૧,૩૮૦ |
| મેથી | ૯૩૦ | ૧૪૦૫ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૨૨૫૦ |
| અશેરીયો | ૧૫૦૦ | ૧૫૦૦ |
| કલોંજી | ૩૩૭૫ | ૩૯૩૭ |
| રાયડો | ૮૬૦ | ૯૭૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૨૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૨૫૦ | ૫૫૦ |
| લીંબુ | ૨૨૦૦ | ૨૭૦૦ |
| શક્કરટેટી | ૨૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૧૮૦ | ૩૨૦ |
| બટેટા | ૩૦૦ | ૬૧૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૬૦ |
| ટમેટા | ૨૨૦ | ૪૧૦ |
| સુરણ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૩૫૦ | ૫૦૦ |
| શક્કરિયા | ૨૦૦ | ૩૬૦ |
| રીંગણા | ૧૬૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૨૮૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૪૦ | ૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૮૦ |
| સરગવો | ૨૫૦ | ૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવળ | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૫૦ |
| બીટ | ૧૪૦ | ૨૬૦ |
| મેથી | ૨૫૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૨૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૨૧૦૦ | ૩૧૫૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૩૨૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૪૦ | ૫૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૨૨૦ |
| કોબીજ | ૧૭૦ | ૨૪૦ |
| શક્કરિયા | ૪૧૦ | ૫૧૦ |
| ટામેટા | ૨૬૦ | ૩૪૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૪૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૪૧૦ | ૫૧૦ |
| કાકડી | ૧૨૦ | ૨૨૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૨૨૦ | ૧૪૨૦ |
| ચોળાશીંગ | ૮૧૦ | ૯૧૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૧૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૨૧૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૪૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૨૦ | ૬૨૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૩૦ | ૫૩૦ |
| બીટ | ૧૬૦ | ૨૧૦ |
| ગરમર | ૬૧૦ | ૭૧૦ |
| સરગવો | ૨૬૦ | ૩૬૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૧૦ | ૮૧૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૩૧૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| લસણ સૂકું | ૧૬૦૦ | ૩૦૦૦ |
| મકાઇ | ૩૨૦ | ૪૨૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૩૮૦ | ૪૮૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૧૭ | ૧૫૧૮ |
| શિંગ મઠડી | ૯૮૬ | ૧૨૩૨ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૫ |
| શિંગ ફાડા | ૧૪૯૬ | ૧૫૪૭ |
| તલ સફેદ | ૧૭૧૭ | ૨૭૨૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૯૫૧ |
| તલ કાશ્મીરી | ૩૧૩૧ | ૩૨૧૧ |
| બાજરો | ૩૩૩ | ૪૯૭ |
| જુવાર | ૪૪૨ | ૭૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૨ |
| ઘઉં લોકવન | ૪૪૨ | ૫૬૦ |
| ચણા | ૧૦૦૫ | ૧૨૨૬ |
| ચણા દેશી | ૧૨૮૦ | ૧૪૩૮ |
| તુવેર | ૧૪૦૦ | ૨૧૮૦ |
| એરંડા | ૯૧૦ | ૧૦૭૩ |
| જીરું | ૨,૧૫૦ | ૪,૫૦૦ |
| રાઈ | ૯૦૦ | ૧૦૮૦ |
| ઇસબગુલ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૭૫૦ |
| ધાણી | ૧૨૨૦ | ૨૦૦૦ |
| મેથી | ૭૭૫ | ૯૯૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૬૭ |
| કાંગ | ૮૦૦ | ૯૭૦ |
| મરચા લાંબા | ૬૫૦ | ૨૯૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૫૨ | ૧૫૦૮ |
| મગફળી | ૧૧૩૪ | ૧૧૫૬ |
| ઘઉં | ૪૪૯ | ૫૪૧ |
| ચણા | ૧૧૫૪ | ૧૨૩૦ |
| જીરૂ | ૩૭૩૫ | ૪,૨૭૫ |
| ધાણા | ૧૪૯૦ | ૧૫૩૦ |
| મેથી | ૯૫૪ | ૯૮૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| મગફળી જીણી | ૮૧૪ | ૧૨૪૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૬૩ |
| મગફળી નવી | ૧૧૭૬ | ૧૩૨૫ |
| તલ | ૨૬૦૦ | ૨૭૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૭૫ |
| ઘઉં | ૪૪૦ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૧ |
| બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| જુવાર | ૫૫૦ | ૮૦૨ |
| મકાઈ | ૪૪૫ | ૪૪૫ |
| મગ | ૧૯૨૪ | ૨૦૦૮ |
| અડદ | ૧૯૨૬ | ૧૯૨૬ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૪૫ |
| દેશી ચણા | ૧૧૩૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૫૦૦ | ૨૧૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| મેથી | ૮૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૫૩ | ૮૬૯ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૭૫ | ૧૩૫૧ |
| મગફળી | ૯૦૬ | ૧૧૦૦ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૧૧૫ | ૧૪૦૦ |
| મકાઈ | ૪૪૧ | ૪૬૦ |
| મેથી | ૮૩૦ | ૯૦૦ |
| એરંડા | ૮૮૯ | ૧૦૭૭ |
| જીરૂ | ૨૦૧૦ | ૪૧૦૦ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૦૩૨ | ૧૪૧૮ |
| મગફળી નવી | ૧૩૭૫ | ૧૪૪૯ |
| શીંગ નં.૩૨ | ૧૧૪૦ | ૧૨૨૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૨૫૨ |
| ડુંગળી | ૧૦૦ | ૩૨૮ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૨ |
| જમાદાર કરી | ૨૫૦૦ | ૪૦૦૦ |
| કેસર કેરી | ૨૦૦૦ | ૩૨૦૦ |
| અથાણાની કેરી | ૮૦૦ | ૧૨૦૦ |
| નાળિયેર | ૪૯૯ | ૧૫૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૦ |
| બાજરો | ૨૫૦ | ૪૨૫ |
| જુવાર | ૪૦૦ | ૬૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| તુવેર | ૧૮૦૦ | ૨૦૨૫ |
| મગફળી | ૮૦૦ | ૧૧૯૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૯૦ |
| તલ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૭ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| જુવાર | ૫૩૦ | ૭૦૫ |
| બાજરો | ૪૧૫ | ૪૬૫ |
| ઘઉં | ૩૦૦ | ૫૭૧ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૪૫ |
| તુવેર | ૯૯૦ | ૨૧૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૦૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૫ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૧૮૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૬૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૦૨ |
| રાયડો | ૮૦૦ | ૯૮૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૧૫ |
| લસણ | ૮૨૫ | ૨૬૪૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૫૦૦ |
| અજમો | ૨૩૨૦ | ૩૫૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૨૫ |
| ધાણી | ૧૩૦૦ | ૧૭૫૦ |
| ડુંગળી સૂકી | ૭૫ | ૨૨૫ |
| ઈસબગુલ | ૧૦૦૦ | ૨૩૩૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૫ |
| **ગોંડલ?** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૦૬ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૩૫૦ |
| સિંગ ફાડીયા | ૯૧૧ | ૧૬૩૧ |
| એરંડા/એરંડી | ૯૪૧ | ૧૧૨૧ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૫૧૧ |
| વરીયાળી | ૮૨૬ | ૧૨૬૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૬૫૧ | ૨૫૦૧ |
| ડુંગળી લાલ | ૮૬ | ૩૨૬ |
| અડદ | ૧૫૭૧ | ૧૮૪૧ |
| તુવેર | ૧૦૮૧ | ૨૩૪૧ |
| રાયડો | ૯૫૧ | ૯૯૧ |
| રાય | ૧૧૩૧ | ૧૧૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૨૭૧ |
| સુવાદાણા | ૮૫૧ | ૧૧૮૧ |
| કાળીજીરી | ૩૧૨૬ | ૩૧૨૬ |
| મરચા | ૫૫૧ | ૪૫૦૧ |
| મગફળી જાડી | ૮૩૧ | ૧૩૧૬ |
| સફેદ ચણા | ૧૨૫૧ | ૨૨૬૧ |
| તલ – તલી | ૧૮૦૦ | ૨૬૪૧ |
| ઇસબગુલ | ૬૦૦ | ૨૧૫૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૧૫૧ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૫૮ |
| બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| જુવાર | ૫૦૦ | ૬૯૧ |
| મકાઇ | ૪૮૧ | ૪૮૧ |
| મગ | ૧૫૭૬ | ૧૯૫૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૩૧ |
| વાલ | ૫૦૧ | ૨૦૧૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૨૨૬ |
| સોયાબીન | ૮૨૧ | ૮૮૧ |
| અજમાં | ૨૩૩૬ | ૨૩૩૬ |
| અરીઠા | ૭૫૧ | ૭૫૧ |
| ગોગળી | ૧૦૫૦ | ૧૧૪૧ |
| વટાણા | ૯૨૬ | ૯૨૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૧૦ |
| જીરૂ | ૩૮૭૫ | ૩૮૭૫ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૦૦ |
| બાજરી | ૪૩૫ | ૪૩૫ |
| જુવાર | ૮૩૧ | ૮૩૧ |
| ધાણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૦૬૬ |
| મેથી | ૯૨૫ | ૧૦૧૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૧૫ | ૧૨૩૧ |
| ધાણી | ૧૨૮૨ | ૧૩૭૧ |
| જીરૂ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૧૯ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૯૭૦ | ૯૭૦ |
| મેથી | ૯૦૦ | ૯૨૫ |
| તુવેર | ૧૭૧૫ | ૧૭૧૫ |
| સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |
| રાયડો | ૮૦૪ | ૯૦૯ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૨ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૧૧ |
| તલ | ૨૩૩૦ | ૨૭૫૮ |
| બાજરો | ૪૭૦ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૨૯ |
| જુવાર | ૪૩૬ | ૮૭૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૧૦૧ |
| તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૦૯ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૦૪૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાજગરો | ૧૭૦૧ | ૧૭૦૧ |
| સોયાબીન | ૮૩૧ | ૮૩૧ |
| **કોડીનાર** | | |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૦૦ |
| મગફળીજી-૨૦ | ૧૧૫૦ | ૧૩૪૪ |
| મગફળી ૩૨ | ૧૧૧૧ | ૧૨૬૭ |
| બાજરો | ૪૦૦ | ૫૩૪ |
| ઘઉં | ૪૬૨ | ૫૫૭ |
| રાઈ | ૧૧૫૦ | ૧૨૦૪ |
| રાયડો | ૯૫૨ | ૯૯૮ |
| જુવાર | ૬૧૦ | ૮૧૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૯૨૫ |
| મગ | ૧૫૦૦ | ૧૯૧૨ |
| એરંડા | ૧૦૭૧ | ૧૦૯૬ |
| ચણા | ૧૨૧૦ | ૧૨૫૩ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૮૨ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૨ |

## શબ્દ સંજોગ-૧૭૯૨



**આડી ચાવી :**
(૧) લકવો (૪)
(૪) બા મુલાયજા હોશિયાર (૪)
(૮) ઝેરી અધાર, ગલ (૨)
(૯) વ્યાયામ કરવાનું સ્થળ (૬)
(૧૧) તુમ જીઓ હજારો.....(૨)
(૧૨) દીકરો તો આંખનું... કહેવાય (૩)
(૧૪) એક જાતના દરિયાઈ પ્રાણીનું કોટલુ, જેને ફુંકવાથી અવાજ થાય (૨)
(૧૫)વસ્તુનો છેડો, કિનાર (૨)
(૧૬) દૂધ ભરાયેલા કણસલાને ભૂંજીને કાઢેલા કણ (૨)
(૧૭) પગ (૨)
(૧૮) હીરાની.....તો ઝવેરી જ કરી શકે (૩)
(૨૦) ફાટેલા કપડાને કરાવાય (૨)
(૨૨) કંઈ ન સમજે એવુ, સાવ બોથડ (૨)
(૨૪) લોકોને વાત વાતમાં આ ખાવાની આદત પડી હોય છે (૨)
(૨૬) ગરીબ, રંક, લાચાર (૨)
(૨૮) સહેલાઈથી દેખી કે સમજી શકાય તેવુ (૨)
(૨૯) મોટું નગારુ (૩)
(૩૧) તાલુ સ્થાનમાંથી ઉચ્ચારતુ (૩)
(૩૨) એક રોગ (જવાબ અવળો) (૩)

**ઉભી ચાવી :**
(૧) બીજાના આશ્રય વગર ટકી શકે તેવુ (૪)
(૨) ખારુ, ખારાશવાળુ (૨)
(૩) આ કોઈનીય રાહ જોઈને ઉભી રહેતી નથી (૨)
(૪) બારણાનું ચોકઠું (૪)
(૫) સાત પાતાળમાનું એક (૩)
(૬) ....બેઠી હશે તો આ ક્રોસવર્ડ તો ભરી જ શકશે (૨)
(૭) આજે ગામડા અને શહેરમાં......ના કિસ્સા ખૂબ જ વધી રહ્યા છે (૪)
(૧૦) ચૂપ રહો (૨)
(૧૩) આંખે આવતા ચક્કર (૩)
(૧૪) એક દેવતા (૩)
(૧૫) ...ઉકેલો (૩)
(૧૮) એકબીજાનો, અરસપરસ (૪)
(૧૯) ત્વચાને એક રોગ (૨)
(૨૧) એક વનસ્પતિ (૩)
(૨૩) ટીપુ (૨)
(૨૫) એક દિવસની મુસાફરી જેટલુ અંતર (૩)
(૨૭) ...ઘણી બૈરી પર શૂરો (૩)
(૩૦) તમે (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૧ જવાબ

**આડી ચાવી :** (૧) કર્ણાટક (૪) ખ્યાલ (૭) કોદરા (૯) સયહા(સહાય) (૧૦) ધમાર (૧૧) ઘર્ષણ (૧૨) તાવ (૧૩) ફૂંક (૧૪) યુગલ (૧૬) મારગ (૧૭) જગત (૧૮) સદા (૧૯) રવ (૨૨) હા (૨૩) નાચ (૨૫) રામણ (૨૭) શાતા (૨૮) લટાર (૨૯) કરતાલ.

**ઉભી ચાવી :** (૧) કડેધડે (૨) ટકોર (૩) કદ (૫) લસણ (૬) ચેહાલક (૮) રાઘવ (૧૨) તાલ (૧૩) ફુંગર (૧૪) યુગ (૧૫) ગત (૧૬) માદા (૧૭) જમના (૨૦) વડતાલ (૨૧) કરાર (૨૪) ચલ (૨૬) ણક(કણ) (૨૭) શાતા.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં બક્ષીપંચ મોરચો, માલધારી સેલની મિટિંગ

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં પટેલવાડી ખાતે સાવરકુંડલા/લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં બક્ષીપંચ મોરચો તેમજ અમરેલી જીલ્લા માલધારી સેલની મિટિંગનું આયોજન અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં કરાયું હતું.




આ મિટિંગમાં ઘેટા અને ઉન વિકાસ નિગમના પૂર્વ ચેરમેન અમરસિંહભાઈ ખાંભલીયા, ભાવનગર જિલ્લા ભાજપ મહામંત્રી ભરતભાઈ મેર, બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભુતૈયા, અમરેલી જિલ્લા માલધારી સેલના પ્રમુખ મયુરભાઈ રબારી, વંડા સરપંચ વાલાભાઈ સાટીયા, આંકોલડા સરપંચ નારણભાઈ મેર, વીજપડીના આગેવાન હરેશભાઈ ભુવા, બીજલભાઈ બતાડા, લાલાભાઈ ગોહીલ, હરીશભાઈ ભરવાડ, કરશનભાઈ આલ, શરદભાઈ પંડયા, પ્રવીણભાઈ સાવજ, રાજુભાઈ નાગ્રેચા, અનિરૂધ્ધસિંહ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.એચ.ગજેરા ઉ.મા. શાળાના વિદ્યાર્થીઓની JEE-મેન્સમાં ઝળહળતી સફળતા

અમરેલી,તા.૨૬

અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.મા. શાળાના વિદ્યાર્થીઓએ ૧૧૩૧૫ મેન્સ-૨૦૨૪માં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. જેમાં કચ્છી પ્રિન્સ અનીલભાઈએ JEE - મેન્સ-૨૦૨૪ ની પરીક્ષામાં ૯૫.૮૫% PR ગુણાંક સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી શાળા તથા પરિવાર અને અમરેલીનું નામ રોશન કર્યું છે. ઉપરાંત શાળાના








વિદ્યાર્થીઓ ઓજા સિધ્ધાર્થ, ચૌહાણ હર્ષિલ સેશન-૨ માં કવોલીફાઈડ કરેલ છે. તેમની સખત મહેનત, વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિઓ બદલ સંસ્થાના પ્રમુખ, ડાયરેકટર, સ્ટાફગણોએ અભિનંદન પાઠવ્યા છે. વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં સફળતાના શિખરો સર કરે તે માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા છે.

# જામકંડોરણામાં અમિત શાહ મનસુખ માંડવિયાના સમર્થનમાં સભાને સંબોધન કરશે

અમરેલી, તા.૨૬

દેશના સહકારીતા અને ગૃહમંત્રી અમિત શાહ આજરોજ પોરબંદર જિલ્લાના જામકંડોરણા ખાતે આવશે અને ૧૧ પોરબંદર લોકસભા મતક્ષેત્રના ઉમેદવાર ડો. મનસુખ માંડવિયાના સમર્થનમાં વિજય સંકલ્પ સભાને સંબોધન કરશે.



આ તકે તમામ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક તેમજ ડિજિટલ મીડિયાના પ્રતિનિધિઓ અને તેમની ટીમને આવવા માટે જણાવાયુ છે.

## અમરેલી લોકસભા ચૂંટણી અંતર્ગત

# ધારી મતદાર વિભાગનો ટપાલથી મતદાન કાર્યક્રમ જાહેર

અમરેલી,તા.૨૬

અમરેલી લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ધારી મતદાર વિભાગનો ટપાલથી મતદાન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મતદાન મથક પર ચૂંટણી ફરજ પરના અધિકારી અને કર્મચારીઓ માટે ધારી તાલુકા મામલતદાર દ્વારા મતદાન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધારી વિધાનસભા મતવિસ્તારમાં આ કાર્યક્રમ અંતર્ગત આગામી તા.૩૦ એપ્રિલથી તા.૦૨ મે, સુધી ટપાલથી મતદાન થશે. આવશ્યક સેવાઓમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ પ્રાંત કચેરી, ધારી ખાતે તા.૩૦ એપ્રિલ, ૨૦૨૪ થી તા.૦૨ મે, ૨૦૨૪ સુધી સવારે ૯.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધી ફેસીલીટી સેન્ટરથી ટપાલથી મતદાન કરી શકશે.

બુથ પર ફરજમાં રોકાયેલા અધિકારી, કર્મચારીઓ, પોલીસ સ્ટાફ, એસ.ટી. વિભાગ અને અન્ય અધિકારી, કર્મચારીઓ જે મતદાનના દિવસે ચૂંટણી ફરજના લીધે મતદાન કરી શકે તેવા મતદારો માટે તા.૩૦ એપ્રિલ, ૨૦૨૪ થી તા.૦૨ મે, ૨૦૨૪ સુધી ધારી સ્થિત યોગીજી મહારાજ મહાવિદ્યાલય અને મહિલા કોલેજ, નવી વસાહત-ધારી ખાતે સવારે ૯.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન ટપાલથી મતદાનની સુવિધા રાખવામાં આવી છે. આ ઉપરાંત મતદાન મથકના સ્ટાફ તરીકે ફરજ સોંપવામાં આવી છે તેવા અધિકારી અને કર્મચારીઓને ચૂંટણી ફરજ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવ્યું છે, તેવા મતદારો જે મતદાન મથક પર ફરજ બજાવવાના હોય ત્યાં ચૂંટણી ફરજ પ્રમાણપત્ર મતદાન મથકના સંબંધિત અધિકારીઓને અસલમાં દર્શાવી મતદાન કરી શકશે, તેમ ધારી તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

# સ્વ. ચંદુભાઈ સંઘાણીની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે ચકલીઘરનું વિતરણ કરાશે

અમરેલી, તા.૨૬

સહકારી આગેવાન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના ભાઈ સ્વ. ચંદુભાઈ સંઘાણીની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે સેવા ટ્રસ્ટ દ્વારા આવતીકાલે સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી અમરેલી શહેરમાં આવેલ જીવરાજ મહેતા ચોક રાજકમલ ખાતે સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ચકલીઓ



માટે ચકલીઘરનું વિતરણ કરવામાં આવશે. આ તકે નગરજનોએ ઉપસ્થિત રહી લાભ લેવા સેવા ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી લોકસભા ચૂંટણી અંતર્ગત જાહેર માર્ગો પર મતદાન જાગૃતિ અભિયાન

અમરેલી,તા.૨૬

અમરેલી લોકસભા વિસ્તારમાં ૮૫ થી વધુ વય ધરાવતા વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ નાગરિકો - મતદારો મતદાન કરી શકે તે માટે તેમને ઘરબેઠાં મતદાન માટેની વ્યવસ્થાઓ ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા અને દિવ્યાંગ નાગરિકો મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ નિભાવી શકશે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૧૪ અમરેલી લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ગારિયાધાર તાલુકાના ભમરીયા ગામે ગામના રસ્તા પર મતદાન જાગૃતિ માટે જાહેર માર્ગો પર મતદાતાઓને મતદાન માટે જાગૃત કરવા "સંકલ્પ લઈએ મતદાન કરશું" લખાણ કરવામાં આવ્યું હતું. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવા અને વધુમાં વધુ મતદાન માટે ચૂંટણી તંત્ર દ્વારા




અપીલ કરવામાં આવે છે. રાજુલા તાલુકાના મોટા આગરીયા ખાતે ચૂંટણી ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓએ ચુનાવ પાઠશાલા કાર્યક્રમનું આયોજન કરી નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારજનો અને આસપાસના વિસ્તારના નાગરિકોને પણ મતદાન કરવા માર્ગદર્શન આપવામાં આવે અને તેઓ પણ મતદાન માટે જોડાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને મહિલાઓને મતનું મૂલ્ય સમજાવી અચૂક મતદાન કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# કોડીનારના ગામડાઓમાં પીકઅપ સ્ટેન્ડ ન બનાવાતા મુસાફરોને હાલાકી

### ઉનાળાની કાળઝાળ ગરમીમાં મુસાફરોની હાલત કફોડી બની

ડોળાસા, તા.૨૬

કોડીનાર અને ઉના વચ્ચે ફોરલેન સીસી રોડનું કામ વર્ષ ૨૦૧૫ થી ગોકળગતિએ ચાલી રહ્યુ છે અને કેટલાક ગામડાઓમાં



હજી કામ બાકી છે અને કેટલાક ગામડાઓમાં કામ પૂરૂ થઈ ગયુ છે, પરંતુ આ ગામડાઓમાં બસ સ્ટેન્ડ અથવા પીકઅપ સ્ટેન્ડની છાપરીઓ બનાવવામાં આવી નથી જેના કારણે આ ઉનાળાની કાળજાળ ગરમી અને અસહ્ય તાપમાં બસ કે વાહનની રાહ જોતા મુસાફરોની હાલત કફોડી બની જવા પામે છે. હાલ તાપમાન ૪૪ ડિગ્રીને આંબી રહ્યુ છે, ત્યારે મુસાફરો તડકામાં શેકાવા મજબુર બન્યા છે. આ રોડ વચ્ચે આવતા ગામડાઓમાં બસસ્ટેશનની છાપરીઓ સત્વરે બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# અમરેલી ખાતે માઈક્રો ઓબ્ઝર્વર્સનો તાલીમ વર્ગ યોજાયો

### જનરલ ઓબ્ઝર્વર દ્રાબુ અને જિલ્લા ચૂંટણી અધિકારીએ માર્ગદર્શન આપ્યુ

અમરેલી,તા.૨૬

અમરેલી લોકસભાની ચૂંટણીને લઈ વિવિધ મતદાન મથકો પર ચૂંટણી ફરજ બજાવનાર માઈક્રો ઓબ્ઝર્વર્સનો તાલીમ વર્ગ અમરેલી ખાતે યોજાયો હતો. જનરલ ઓબ્ઝર્વર એમ.કે. દ્રાબુ અને અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને લાઠી રોડ સ્થિત મેડિકલ કોલેજમાં યોજાયેલી તાલીમમાં, માસ્ટર ટ્રેઈનર્સ અને ચૂંટણી પ્રક્રિયાના તાલીમ નોડલ અધિકારીએ, ભારતના ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણી ફરજ પરના વિવિધ અધિકારી-કર્મચારીઓએ બજાવવાની ફરજ અને જવાબદારીઓથી તાલીમાર્થીઓને વાકેફ કર્યા હતા.



આ તાલીમ પ્રક્રિયા દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ તાલીમાર્થીઓની વિવિધ પ્રશ્નોત્તરીઓના જવાબ આપ્યા હતા. આ પ્રસંગે જનરલ ઓબ્ઝર્વર એમ.કે. દ્રાબુએ કહ્યુ કે, માઈક્રો ઓબ્ઝર્વર્સને ઝીણવટભરી તાલીમ આપવામાં આવી છે, જે મતદાન પ્રક્રિયા દરમિયાન તેમને ઘણી ઉપયોગી નિવડશે. માઈક્રો ઓબ્ઝર્વર્સ એ ચૂંટણીપંચની મતદાન પ્રક્રિયાના આંખ અને કાન સમાન છે. તેમણે માઈક્રો ઓબ્ઝર્વર્સને સુચારુ અને સફળ મતદાન પ્રક્રિયાની કામગીરીઓ સુપેરે પાર પાડવાની તૈયારીઓ અને કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે નોડલ અધિકારી, પ્રાંત અધિકારી સહિતનાઓ હાજર રહ્યાં હતા.

# ભરત સુતરીયાના સમર્થનમાં અમરેલીના વોર્ડ નં. ૧ માં લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૬

અમરેલી શહેરના વોર્ડ નંબર ૧ માં બુથ નં.૧૬૭, ૧૮૨, ૧૭૧ અને ૧૮૧ માં મતદારો સાથે ભારતીય જનતા પાર્ટીના અમરેલી લોકસભા સીટના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં લોકસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કેન્દ્ર ઈન્ચાર્જ તથા પ્રમુખોની રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. આ તકે મોહમ્મદ કાસીમ



નકવી બાપુ, રાજુભાઈ મિલન, અમીનભાઈ હોત, અક્રમ કાજી, શાહરૂખભાઈ કુરેશી, અજીતભાઈ ગોરી, મહંમદ બાપુ, નીજામ બાપુ, અબરાર બાપુ અને મહેબુબભાઈ તેમજ સોહિલભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપને સમર્થન આપ્યું હતું.

# રાજુલા વિસ્તારમાંથી દેશી જામગરી બંદુક સાથે એક શખ્સ પકડાયો

### શખ્સને દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર) સાથે પોલીસ દ્વારા ઝડપી પાડી આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરાઈ

રાજુલા,તા.૨૬

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક શખ્સને દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર) સાથે પોલીસ દ્વારા ઝડપી પાડી આર્મ્સ એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રાજુલા પીઆઈ ગીડાની સૂચના અને માર્ગદર્શન મુજબ પોલીસની ટીમે બાતમી આધારે રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન વડલી તથા ચારોડીયા ગામની સીમ વિસ્તારમાંથી રાજુલાના તવક્કલ નગરના રહીશ મુકેશ કેશુભાઈ સોલંકી નામના શખ્સને હાથ બનાવટની દેશી જામગરી બંદુક સાથે ઝડપી લીધો હતો અને આર્મ્સ એકટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



તસવીર : ગોપાલ રાઠોડ

# ભાયાવદર રેલવે સ્ટેશનનાં ગરનાળામાં ગટરના ગંધાતા પાણીથી લોકો પરેશાન

ભાયાવદર,તા.૨૬

રાજકોટ જિલ્લાનાં ભાયાવદરમાં રેલવેની લાઈન પાસે ગામમાં જવાના રસ્તા પર ટ્રેકની નીચે આવેલ ગરનાળામાંથી ગટરના ગંધાતા પાણીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. મળતી માહિતી મુજબ ખોડીયારનગર તરફ જવાના કાચા માર્ગની બાજુએ છેલ્લા કેટલાક સમયથી અહીંથી પસાર થતા લોકો ગટરના ગંધાતા પાણીથી પરેશાન થઈ ગયા છે. ગટરલાઈન તૂટેલ હોવાથી પાણીનો નિકાલ થતો ન હોવાથી વાહન ચાલકો, રાહદારીઓ અને આજુબાજુના



રહેવાસીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. આના કારણે ગંભીર રોગચાળો થવાની પૂરેપૂરી શક્યતા રહેલી હોઈ સ્થાનિક સત્તાધીશો આ મુદ્દાને ગંભીરતાથી લઈને કાયમી ધોરણે સમસ્યા હલ કરે એવી માંગ ઉઠી છે.


## -//સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૩ /૨૦૨૪

**અરજદાર :-** શ્રી ગીતાબેન નરેશભાઈ રાઠોડ
રે. સાવરકુંડલા રોડ, ગુજકોમીલ સામે,
હુડકો કવાટર, મું. અમરેલી, તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ રજી.શ્રી
-વ-
નગરપાલિકા કચેરી, મુ. અમરેલી, તા.જી.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના ગીતાબેન નરેશભાઈ રાઠોડ તેઓની પુત્રી આનંદી નરેશભાઈ રાઠોડ નો જન્મ તા.૧૭/૧૧/૨૦૧૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**

ગઠબંધનના લોકો મહિલાઓ, આદિવાસીઓ અને ગરીબો વિરુદ્ધ ખતરનાક કાયદો બનાવવા માંગે છે

# માલદામાં ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રધાનમંત્રી મોદીના પશ્ચિમ બંગાળ સરકાર પર પ્રહારો

(એ.આર.એલ),કોલકતા,તા.૨૬



લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા (લોકસભા ચૂંટણી ૨૦૨૪) માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના માલદામાં ચૂંટણી રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે પશ્ચિમ બંગાળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કેન્દ્રના પૈસા રાજ્ય સરકારના મંત્રીઓ જ ખાય છે. CAA એ નાગરિકતા છીનવવાનો કાયદો નથી પરંતુ નાગરિકતા આપવાનો કાયદો છે. પરંતુ તેમ છતાં ટીએમસી જાણી જોઈને અફવાઓ ફેલાવી રહી છે. આ છે ભારત ગઠબંધનનો અસલી ચહેરો. પીએમ મોદીએ કહ્યું, ચાલો હું તમને આ ગઠબંધન વિશે એક અન્ય સત્ય જણાવું. આ ગઠબંધનના લોકો મહિલાઓ, આદિવાસીઓ અને ગરીબો વિરુદ્ધ ખતરનાક કાયદો બનાવવા માંગે છે. આ કાયદા હેઠળ દરેકની સંપત્તિની તપાસ કરવાની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ તેના કબજામાં જે પણ પૈસા, સોનું અને ચાંદી છે તે કબજે કરવા માંગે છે. અને તેનો એક ભાગ વહેંચવામાં આવશે. પીએમ મોદીએ કહ્યુ કે આ જાહેરાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

# યુપી, મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં આકરી ગરમી પડવાની આગાહી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬



લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન વચ્ચે હવામાન વિભાગે દેશના રાજ્યોમાં આકરી ગરમી પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છત્તીસગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, બિહાર, રાયલસીમા, ઝારખંડ, મરાઠવાડા અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને ઓડિશાના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦-૪૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાઈ રહ્યું છે. સબ-હિમાલયન પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ૪૦-૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આવતીકાલે પણ અહીં આવું જ વાતાવરણ રહેશે.

હવામાન વિભાગે આજે પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, કોંકણ અને ગોવા, તટીય આંધ્રપ્રદેશ, યાનમ, રાયલસીમા, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં હીટવેવની ચેતવણી જારી કરી છે. છેલ્લા ઘણા દિવસોથી અહીં ગરમી પડી રહી છે. ગરમીના કારણે લોકો પરેશાન છે. દેશ આકરી ગરમીનો અનુભવ કરી રહ્યો છે ત્યારે આગામી ચોવીસ કલાકમાં કેટલાક રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૨૭ એપ્રિલે જમ્મુ-કાશ્મીર-લદાખ, પંજાબ અને હરિયાણામાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ, કરા, તોફાન અને વીજળી પડવાની સંભાવના છે.

# રાંચીમાં બર્ડ ફ્લૂને લીધે ઈંડાની ખરીદી-વેચાણ પર પ્રતિબંધ મુકાયો

(એ.આર.એલ),રાંચી,તા.૨૬



ઝારખંડની રાજધાની રાંચીમાં બર્ડ ફ્લૂએ દસ્તક આપી છે. રાંચીના હોટવાર સ્થિત પ્રાદેશિક પોલ્ટ્રી ફાર્મમાંથી ચિકનનાં નમૂનાઓ ભોપાલ મોકલવામાં આવ્યા હતા, જ્યાં ભારતીય કૃષિ સંશોધન પરિષદે આ મરઘામાં એપએન૧ એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (બર્ડ ફ્લૂ)ની પુષ્ટિ કર્યા બાદ વહીવટી વિભાગમાં હોબાળો મચ્યો હતો.બર્ડ ફ્લૂની પુષ્ટિ થયા બાદ આ વિસ્તારમાં સાવચેતી રાખવામાં આવી રહી છે. બર્ડ ફ્લૂની પુષ્ટિ થયા પછી, જિલ્લા પ્રશાસને આગામી આદેશો સુધી રાજધાની રાંચીના હોટવાર વિસ્તારની આસપાસ એક કિલોમીટરની ત્રિજ્યામાં ચિકન અને ઈંડાની ખરીદી અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સાથે સમગ્ર વિસ્તારને સર્વેલન્સ પર મૂકવામાં આવ્યો છે. પશુપાલન વિભાગની ટીમ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. દરરોજનો રિપોર્ટ ભારત સરકારને મોકલવામાં આવશે. નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ જ વિસ્તારને બર્ડ ફ્લૂ મુક્ત જાહેર કરવામાં આવશે.

# બ્રિટનમાં શીખ સમુદાયના લોકો માટે કોર્ટ શરૂ, ઘરેલુ હિંસા સહિતના કેસોની સુનાવણી કરવામાં આવશે

**શીખ સમુદાયના લોકો નવી અદાલતને વિવાદ નિવારણ મંચ તરીકે સ્થાપિત કરવા માટે એક થયા**

(એ.આર.એલ),લંડન,તા.૨૬



બ્રિટનમાં પારિવારિક અને નાગરિક વિવાદમાં ફસાયેલા શીખ સમુદાયના લોકો માટે એક સારા સમાચાર છે. લંડનમાં બ્રિટિશ શીખ વકીલો દ્વારા નવી કોર્ટ શરૂ કરવામાં આવી છે. શીખ સમુદાયના લોકો નવી અદાલતને વિવાદ નિવારણ મંચ તરીકે સ્થાપિત કરવા માટે એક થયા. એક સમાચાર અહેવાલમાં જણાવાયું છે કે લંડનના લિંકન્સ ઈનના ઓલ્ડ હોલમાં એક સમારોહમાં ધાર્મિક મંત્રોચ્ચાર સાથે શીખ કોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. કોર્ટના સ્થાપકોમાંના એક એડવોકેટ બલદીપ સિંહ કહે છે કે તેનો ઉદ્દેશ્ય તકરાર અને વિવાદોનો સામનો કરતી વખતે શીખ પરિવારોને જરૂરિયાતના સમયે મદદ કરવાનો છે. અને તેમાં લગભગ ૩૦ મેજિસ્ટ્રેટ અને ૧૫ ન્યાયાધીશો હશે. ખાસ વાત એ છે કે આમાં મોટાભાગની મહિલાઓ હશે. કોર્ટમાં મેજિસ્ટ્રેટનું કામ પક્ષકારો વચ્ચે સમજૂતી કરવા માટે મધ્યસ્થી કરવાનું રહેશે.

શીખ સંગઠનો સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે કે કોર્ટ ઘરેલુ હિંસા, જુગાર અને માદક દ્રવ્યોના દુરુપયોગ જેવા મામલાઓ પર કાર્યવાહી કરશે. જો આ કેસોમાં મધ્યસ્થી નિષ્ફળ જાય, તો કેસ કોર્ટના જજ સમક્ષ લાવવામાં આવી શકે છે. આ પછી આર્બિટ્રેશન એક્ટ હેઠળ કાયદાકીય રીતે નિર્ણય લેવામાં આવશે. બલદીપ સિંહે કહ્યું કે અમે જે મુદ્દાઓ સાથે વ્યવહાર કરી શકતા નથી તેને યોગ્ય જગ્યાએ નિર્દેશિત કરવામાં આવશે.

# દૌસામાં ઝૂંપડપટ્ટીમાં સૂતેલા લોકો પર કાર ફરી વળી : ત્રણના મોત



(એ.આર.એલ),દૌસા,તા.૨૬

રાજસ્થાનના દૌસામાં શુક્રવારે એક મોટી દુર્ઘટના બની હતી. ઝૂંપડપટ્ટીમાં સૂતેલા લોકો કાર નીચે કચડાઈ ગયા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે અને ૮ લોકો ઘાયલ પણ થયા છે. ઘાયલોને મહુઆ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાથી તેમને જયપુર રિફર કરવામાં આવ્યા હતા. પોલીસે કાર કબજે કરી ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી છે. આ અકસ્માત મહુઆની ટીકારામ પાલીવાલ સ્કૂલ પાસે થયો હતો. આ અકસ્માતમાં એક મહિલાએ પણ જીવ ગુમાવ્યો છે. હાલ પોલીસ આરોપી કાર ચાલકને શોધી રહી છે.

વર-વધૂને તાત્કાલિક લગ્ન સમારોહમાંથી બહાર કાઢવામાં આવ્યા

# બિહારના દરભંગામાં લગ્ન સમારંભમાં ગેસ સિલિન્ડર ફાટતા ૬ લોકો ભૂંજાયા

(એ.આર.એલ),પટણા,તા.૨૬



બિહારના દરભંગામાં વહેલી સવારે એક લગ્ન સમારંભમાં લાગેલી ભીષણ આગમાં છ લોકો જીવતા દાઝી ગયા હતા. અકસ્માત જ્યારે ફેરા શરૂ થવાના હતા ત્યારે થયો હતો. સિલિન્ડરમાં બ્લાસ્ટ થવાને કારણે આગ લાગી હતી, જેમાં સ્ટેજ પણ બળીને રાખ થઈ ગયું હતું. રિપોર્ટ્સ અનુસાર, મહેમાનો દરભંગાના અલીનગર શહેરના બહેરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અંતોર ગામના રહેવાસી છગન પાસવાનની પુત્રીના લગ્નની મજા માણી રહ્યા હતા. પાડોશી રામચંદ્ર પાસવાનના ઘરે લગ્ન સરઘસનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે લગ્નનું સરઘસ ફટાકડા ફોડીને નીકળ્યું ત્યારે એક સ્પાર્ક આવીને તંબુને અથડાયો અને થોડી જ વારમાં આગ ફાટી નીકળી. સિલિન્ડરમાં વિસ્ફોટ થતાં આગ વધુ ભડકી હતી. વરરાજા-વધૂને ઉતાવળમાં પેવેલિયનમાંથી બહાર કાઢવામાં આવ્યા અને મંદિરમાં લઈ જવામાં આવ્યા હતા.

અફઘાનિસ્તાનમાં મોટાભાગના આતંકી હુમલા ઈસ્લામિક સ્ટેટે જ કર્યા છે

# પાકિસ્તાન જ ઈસ્લામિક સ્ટેટના આંતકીઓનું આશ્રય સ્થાન બની રહ્યુ છે : અફઘાન વિદેશમંત્રી

(એ.આર.એલ),ઈસ્લામાબાદ,તા.૨૬



પાકિસ્તાન સાથેની બોર્ડરને માન્યતા આપવાનો ઈનકાર કરી ચુકેલા અફઘાનિસ્તાનના તાલિબાની શાસકોએ પાકિસ્તાન પર પ્રહારો કરવાનુ ચાલુ રાખ્યુ છે. તાલિબાન સરકારના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકીએ કહ્યું છે કે, 'પાકિસ્તાનની સરકાર ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓને આશ્રય આપી રહી છે. અફઘાનિસ્તાનના ત્રણ પાડોશી દેશોએ ઈસ્લામિક સ્ટેટને ફરી બેઠા થવા દેવા માટે અનુકૂળ માહોલ પૂરો પાડ્યો છે. એક દેશ આતંકવાદીઓને ઉપલબ્ધ કરાવે છે, બીજો દેશ તેમને તાલીમ અને ભંડોળ આપીને તેમના દુષ્પ્રચારને સહાય કરે છે તો ત્રીજો દેશ આતંકવાદીઓને હુમલો કરવા માટે મદદ કરે છે.'

વિદેશ મંત્રી મુત્તાકીએ કોઈ દેશનું નામ નહોતુ લીધુ પણ તેમનો ઈશારો સ્પષ્ટપણે પાકિસ્તાન તરફ હતો. તેમણે જણાવ્યુ હતું કે, 'કેટલાક દેશો શરુઆતમાં તો કટ્ટરવાદી સંગઠનોને સમર્થન આપે છે પણ પછીથી તેઓ તેમને અપાતો ટેકો પાછો પણ ખેંચી લેતા હોય છે.' અફઘાનિસ્તાન ઈસ્લામિક સ્ટેટ પર રોષે ભરાયેલુ છે. કારણકે તાલિબાનને સત્તા સંભાળ્યા બાદ અફઘાનિસ્તાનમાં મોટાભાગના આતંકી હુમલા ઈસ્લામિક સ્ટેટે જ કર્યા છે. તે તાલિબાનને પોતાનું નંબર વન દુશ્મન ગણાવે છે.

# પત્નીના સ્ત્રીધન પર પતિનો કોઈ હક્ક નહી : સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬



સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યુ હતું કે પત્નીના સ્ત્રીધન પર પતિનું કોઈ જ નિયંત્રણ નથી અને જો કટોકટીના સમયે પતિએ સ્ત્રીધનનો ઉપયોગ કર્યો હાય તો બાદમાં તે પરત કરવું તેની નૈતિક ફરજ છે. ગુમાવેલા સોના બદલ પત્નીને ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ આપતા સુપ્રીમ કોર્ટે આ સ્પષ્ટતા કરી હતી. મૂળ કેરળના કેસમાં પત્નીએ દાવો કર્યો હતો કે લગ્ન સમયે તેને પિયર પક્ષ તરફથી સોનાના ૮૯ દાગીના મળ્યા હતા. વધુમાં તેના પિતાએ મહિલાના પતિને ૨ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. પત્નીના જણાવ્યા પ્રમાણે લગ્નની પ્રથમ રાતે જ પતિએ સુરક્ષાનું કારણ આગળ ધરીને તમામ દાગીના પોતાના કબજા હેઠળ લઈ લીધા હતા. જો કે પત્નીએ આરોપ મુક્યો હતો કે પતિ તથા તેના સાસુએ અગાઉની આર્થિક જવાબદારીઓમાંથી છૂટકારો મેળવવા માટે સોના-ચાંદીના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો.

# નાઈઝીરિયામાં વરસાદને કારણે જેલની દિવાલ તૂટતા ૧૧૮ કેદીઓ છૂમંતર...



(એ.આર.એલ),સુલેજા,તા.૨૬

નાઈઝીરિયાના સુલેજા શહેરમાં બુધવારે રાતે ભારે વરસાદ અને તોફાનના કારણે જુના સુલેજા જેલની દિવાલ તૂટી ગઈ હતી. જે બાદ મોટી સંખ્યામાં કેદીઓ ભાગી ગયા હતા. સ્થાનિક સમયાનુસાર રાતના ૯ વાગ્યાની આસપાસ તોફાન અને ભારે વરસાદના કારણે ઈમારતનો અમુક ભાગ તૂટી ગયો હતો. જેમાંથી એક જેલની દિવાલ પણ તૂટી ગઈ અને ૧૧૮ કેદીઓ મોકો જોઈને ભાગી ગયા હતા. સુલેજા શહેરના એક રહેવાસીએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે, આ ઘટના સાચી છે, અમને બે કેદીઓ પકડવામાં મદદ મળી છે અને તેમને જેલના અધિકારીઓને સોંપી દેવામાં આવ્યા છે.

# લંડનમાં ભારતીય હાઈ કમિશન પર હુમલાના મુખ્ય આરોપીનું પાકિસ્તાન સાથે કનેકશન હોવાનું ખુલ્યુ

(એ.આર.એલ),લંડન,તા.૨૬



**મેટ્રોપોલિટન પોલીસ લંડનમાં ભારતીય હાઈ કમિશનની બહાર સુરક્ષા પૂરી પાડી રહી છે**

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને મોટી સફળતા મળી છે. એજન્સીએ ગયા વર્ષે ૨૨ માર્ચે લંડનમાં ભારતીય હાઈ કમિશન પર થયેલા હુમલા સાથે સંબંધિત કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. હવે આ મામલે નવી માહિતી સામે આવી રહી છે. ધરપકડ કરાયેલા વ્યક્તિનું પાકિસ્તાન સાથે કનેક્શન પણ સામે આવ્યું છે.

તપાસ એજન્સી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બ્રિટનના હાઉન્સલોના રહેવાસી ઈન્દરપાલ સિંહ ગાબાની ગેરકાયદેસર ગતિવિધિઓ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ કેસની અત્યાર સુધીની એનઆઈએની તપાસમાં ખુલાસો થયો છે કે લંડનમાં ગયા વર્ષે ૧૯ અને ૨૨ માર્ચે બનેલી ઘટનાઓ ભારતીય મિશન અને તેના અધિકારીઓ પર હુમલાના મોટા કાવતરાનો ભાગ હતો.

ખાલિસ્તાન તરફી દેખાવકારોએ લંડનમાં ભારતીય મિશનમાં તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯ માર્ચે હાઈ કમિશન પરિસરની બહાર વિરોધ પ્રદર્શનો થયા હતા. ૨૨ માર્ચે ગાબાએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું હતું. ગયા વર્ષે માર્ચમાં થયેલા હિંસક વિરોધને બ્રિટિશ સંસદમાં વારંવાર ઉઠાવવામાં આવ્યો હતો.

# ઉત્તર કાશ્મીરમાં બે આંતકીઓને ઠાર મારતું ભારતીય સુરક્ષા દળ

પુણે,તા.૨૬



ઉત્તર કાશ્મીરના સોપોરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા, જ્યાં ગુરુવારે સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કર્યું હતું. આતંકીઓ સાથેની અથડામણમાં બે જવાન ઘાયલ થયા છે. આ દરમિયાન એક નાગરિકને ખભામાં ગોળી વાગી હતી. તેને જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો, જ્યાંથી તેને શ્રીનગર રિફર કરવામાં આવ્યો હતો.

નૌપોરા વિસ્તારમાં એક મકાનમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સુરક્ષા દળોએ ત્યાં ઘેરાબંધી કરી હતી. આતંકવાદીઓએ સુરક્ષાદળો પર ગોળીબાર કર્યો અને ત્યાં અથડામણ થઈ. ગુરુવારે રાત્રે અંધારું થતાં કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. આજે સવારે ફરી ગોળીબાર શરૂ થયો હતો જેમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

**મીડિયા રિપોર્ટ પ્રમાણે આલિયા પાસે કેટલાક હોલિવૂડ પ્રોજેક્ટ પણ છે**

# બોલિવૂડે મને સફળતાની સાથે ઘણું બધુ આપ્યુ છે : આલિયા ભટ્ટ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૬



બોલિવૂડથી એકમાત્ર એક્ટ્રેસનું નામ હોલિવૂડની ફિલ્મ હાર્ટ ઓફ સ્ટોન' માટે બોલવામાં આવ્યું હતું. આ ફિલ્મના નિર્દેશક, નિર્માતા અને લેખક ટોમ હાર્પરે આલિયાની પસંદગી પર ગર્વ અનુભવ્યો હતો. તેઓ આલિયા ભટ્ટની એક્ટિંગથી પ્રભાવિત થયા હતા અને આલિયા આ ફિલ્મનો એક સફળ ભાગ બની હતી જે માટે તેમણે જાહેરમાં આલિયાનાં વખાણ પણ કર્યા હતાં. પરંતુ તેમણે એક નામી મેગેઝિનમાં હકીકતમાં ઈન્ટરનેશનલ સ્ટાર તરીકેની પણ તેમની પ્રશંસા કરી હતી. બોલિવૂડની પહેલી હરોળની એક્ટ્રેસમાં આલિયાનું નામ સૌથી મોખરે આવે છે. મોટાભાગના ફિલ્મ મેકર્સ તેમને પોતાની ફિલ્મમાં લેવા માંગતા હોય છે. ફિલ્મ મેકર્સને આલિયા ભટ્ટ પર એટલો વિશ્વાસ છે કે જો તેઓ કોઈ સ્ત્રીપ્રધાન ફિલ્મ બનાવે અને તેમાં આલિયા ભટ્ટને લેવામાં આવે તો તે ફિલ્મ બેશક બોક્સઓફિસ રેકોર્ડબ્રેક કરી શકે છે. અલબત્ત, બોલિવૂડમાં આલિયા ભટ્ટના નામના સિક્કા પડે છે. વધુમાં તેમણે હોલિવૂડમાં પણ ફિલ્મ કરી હોવાથી તેમની ગણના હવે ગ્લોબલ સ્ટાર તરીકે પણ થવા લાગી છે.

# પંજાબને જીતવા માટે ૨૬૨ રનનું લક્ષ્ય આપતુ કોલકતા નાઈટ રાઈડર્સ

કોલકતા,તા.૨૬



IPL-૨૦૨૪ની ૪૨મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ પંજાબ કિંગ્સને ૨૬૨ રનનો ટાર્ગેટ આપ્યો છે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં શુક્રવારે પંજાબે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૬૧ રન બનાવ્યા હતો. ફિલ સોલ્ટ ૩૭ બોલમાં ૭૫ રન અને સુનીલ નારાયણે ૩૨ બોલમાં ૭૧ રન બનાવ્યા હતા. બંને વચ્ચે સદીની ભાગીદારી હતી. આન્દ્રે રસેલે ૨૪, વેંકટેશ અય્યરે ૩૯ અને શ્રેયસ અય્યરે ૨૮ રન બનાવ્યા હતા. પંજાબ તરફથી અર્શદીપ સિંહને ૨ વિકેટ, જ્યારે સેમ કરન, હર્ષલ પટેલ અને રાહુલ ચહરને ૧-૧ વિકેટ મળી હતી.

# દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ, કેરીના પાકને નુકસાનની ભીતિ

અમદાવાદ,તા.૨૬



**ઝરમર વરસાદથી લોકોને ગરમીમાંથી રાહત મળી**

હવામાન વિભાગે ગુજરાતમાં પાંચ દિવસ ૪૨ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી કરી છે. બીજી તરફ આજે સવારથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. રસ્તાઓ પર વરસાદી પાણી વહી રહ્યાં છે. ભરઉનાળે દક્ષિણ ગુજરાતમાં ઠંડક પ્રસરી જતા લોકોએ ગરમીમાંથી રાહતનો શ્વાસ લીધો છે. પરંતુ હાલ કેરીનો પાક પણ તૈયાર થઈ ચૂક્યો છે ત્યારે કમોસમી વરસાદથી માઠી બેસી ગઈ છે. માવઠાને કારણે કેરી પકવતા ખેડૂતોમાં ચિંતા છે કે, હાથમાં આવેલો કોળિયો માવઠાથી છીનવાઈ ન જાય. જ્યારે માંડવી અને ઉમરપાડામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દેશના ઉત્તર ભાગમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અપ્રોચ કરી રહ્યું છે. પવનની દિશા પણ પશ્ચિમ અને દક્ષિણ તરફથી છે, તેથી ભેજને કારણે ગુજરાતના દક્ષિણ ભાગમાં વરસાદી છાંટા વરસ્યા છે. પ્રી-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત પવની ઝડપ વધુ હોવાથી દરિયાઈ ભેજ વાતાવરણમાં આવતા આગામી ૪૮ કલાક દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. આ સાથે જો પવનની દિશા બદલાય તો વરસાદની શક્યતાઓ ઘટી જશે. અમદાવાદ શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે, પરંતુ હાલ પૂરતી વરસાદની કોઈ શક્યતાઓ નથી.વહેલી સવારે અચાનક વાતાવરણ બદલાતા જિલ્લાના હાલોલ, કાલોલ ઘોઘંબા તેમજ જાંબુઘોડા તાલુકાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડતાં અસહ્ય ગરમી અને ઉકળાટ સામે લોકોને રાહત થઈ હતી. સવારે વાતાવરણ વાદળછાયું બન્યું હતું અને કમોસમી વરસાદ થતાં જ ઠંડો પવન ફૂંકાયો હતો. રોડ રસ્તાઓ ઉપર મોટરસાયકલો લઈ પસાર થતા રાહદારીઓ વૃક્ષ નીચે ઉભા રહી ગયા હતા. જિલ્લાના મુખ્યત્વે પાક એવા મકાઈ કાઢવાનું કામ કરી રહેલા ખેડૂતો આ કમોસમી વરસાદથી આફતમાં મુકાયા હતા. ખેતરોમાં ખુલ્લો પડેલો મકાઈનો પાક અવેરવા અને ઢાંકવા માટે દોડાદોડી કરવી પડી હતી. ભાવનગરના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં સવારે ઝરમર વરસાદ વરસ્યો હતો. શહેરના અનેક વિસ્તારોમાં મસ્તરામબાપા મંદિર, ચિત્રા યાર્ડ, આખલોલ જકાતનાકા, નારી ચોકડી, વરતેજ સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો. શહેરના અંતરિયાળ વિસ્તારોમાં પણ ક્યાંક ક્યાંક ઝરમર વરસાદ વરસ્યો હતો.

**લીંબડી પોલીસે ડમ્પર ચાલક વિરૂધ્ધ મોતનો ગુનો નોંધ્યો**

# લીંબડી-લખતર રોડ પર અકસ્માતમાં પિતરાઈ ભાઈઓના થયા કરૂણ મોત

સુરેન્દ્રનગર,તા.૨૬




સુરેન્દ્રનગરના લીંબડી-લખતર રોડ પર ડમ્પર અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં બાઈક ડમ્પર નીચે ઘૂસી ગયું હતું. અકસ્માતમાં બાઈક સવાર જેન્તીભાઈ પુંજાભાઈ રાઠોડ અને અરવિંદભાઈ ગોરાભાઈ વાઘેલા નામના પિતરાઈ ભાઈઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.

અકસ્માત એટલો ગંભીર હતો કે, બાઈક સવાર એક વ્યકિત ફંગોળાઈને રોડની બાજુમાં આવેલા ખેતરમાં પડ્યો હતો. અકસ્માતના પગલે લીંબડી ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો તાકીદે ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ અકસ્માતની ઘટના બાદ ડમ્પર ચાલક ઘટના સ્થળે જ ડમ્પર મૂકીને ફરાર થઈ ગયો હતો. આ ગોઝારા અકસ્માતની ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા. લીંબડી પોલીસે તાકીદે ઘટના સ્થળે દોડી જઈ ડમ્પર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી બ્રીજ દુર્ઘટનાના પીડિતોને મહિને રૂ.૧૨૦૦૦ વળતર આપો : હાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૬



ગુજરાત હાઈકોર્ટમાં મોરબી બ્રિજ દુર્ઘટનાના પીડિતોના પુનર્વસનને લઈ સુનાવણી યોજાઈ હતી. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ઓરેવાને બરાબરની ખખડાવી હતી. તેમજ પીડિતોના પુનર્વસન માટે થતા કામથી ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. આ દરમિયાન ઓરેવાએ બિનશરતી માફી માગી હતી. છેલ્લે કોર્ટના હુકમના અનાદર બદલ હાઈકોર્ટે ઓરેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટરો સામે કન્ટેમ્પ્ટ દાખલ કરવા નોટિસ આપી હતી. ઓરેવા કંપની તરફથી હાઈકોર્ટમાં કોર્ટની કન્ટેમ્પ્ટ દાખલ કરવાની શો કોઝ નોટિસ અને કલેક્ટર દ્વારા પીડિતોને આપવાના વળતર અંગે એફિડેવિટ ફાઈલ કરવામાં આવી છે. મોરબી જિલ્લા કલેક્ટરે પીડિતોને જે વળતર આપવા કહ્યું હતું તે આપવા કંપની તૈયાર છે. જેમાં અનાથ બાળકો, વિધવા મહિલાઓ વગેરેને ૧૨ હજાર રૂપિયા પ્રતિમાસ આપવા કલેક્ટરે સૂચવ્યું હતું, જ્યારે કંપની માત્ર મહિને પાંચ હજાર આપવા તૈયાર હતી. કંપનીએ કહ્યું કે તેણે કોર્ટના સૂચન મુજબ પીડિતો માટે ટ્રસ્ટ બનાવવાની કામગીરી શરૂ કરી છે. કલેક્ટરે સૂચવ્યા મુજબનું વળતર તેઓ ૩૦ એપ્રિલ સુધીમાં ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયે તેના બેંક ખાતામાં અથવા લીગલ એડમાં જમા કરાવવા તૈયાર છે.

# વડાપ્રધાનની મુલાકાત પહેલા રાજ્યમાં જથ્થાબંધ શસ્ત્રો ઝડપી પાડતી ATS

(એ.આર.એલ), અમદાવાદ,તા.૨૬



ગુજરાતમાં પહેલી અને બીજી મેના રોજ વડાપ્રધાનની મુલાકાત પહેલા અને સાતમી મેના રોજ લોકસભા ચૂંટણી પહેલા શસ્ત્રોનો જંગી જથ્થો ઝડપાતા સનસનાટી મચી ગઈ છે. ગુજરાત એટીએસે શસ્ત્રોનો જંગી જથ્થો ઝડપ્યો હતો. શસ્ત્રોના મોટા જથ્થા સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આરોપી કઈ ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપવાનો હતો તે જાણવા એટીએસ તપાસ કરી રહી છે. શસ્ત્રો ક્યાંથી લાવવામાં આવ્યા તે જાણવા એટીએસે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સાતમી મેના રોજ લોકસભાની ૨૬ બેઠકો માટે મતદાન છે અને વડાપ્રધાન મોદીની પહેલી અને બીજી મેના રોજની મુલાકાત પહેલા શસ્ત્રોનો જંગી જથ્થો પકડાયો છે. તેના લીધે પોલીસ ચોંકી ઉઠી છે અને તેણે આ કિસ્સાની સઘન તપાસ આદરી દીધી છે. આગામી સમયમાં આ તપાસમાં રાષ્ટ્રીય એજન્સીઓ પણ જોડાય તો આશ્ચર્ય નહીં થાય. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ૨૬ બેઠકોની પ્રચાર માટે ગુજરાતમાં આવવાના છે. તેના પૂર્વે જ શસ્ત્રોનો જંગી જથ્થો આ રીતે પકડાતા સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની સાથે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ પણ દોડતી થઈ છે.

# રાજયના ૧૭ હજાર સસ્તા અનાજના દુકાનદારો આંદોલન કરવાના મૂડમાં

રાજકોટ,તા.૨૬

રાજ્યભરમાં ૧૭,૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો છે. જ્યાં સસ્તા અનાજનો અધૂરો અને અનિયમિત જથ્થો પહોચાડવામાં આવતા સસ્તા અનાજના દુકાનદારોએ રાજ્યના પુરવઠા મંત્રીને રજૂઆત કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, એડવાન્સ જથ્થાની પરમિટ સમયસર જનરેટ થતી નથી. નાગરિક પુરવઠા નિગમમાં એમડી કાયમીને બદલે ચાર્જમાં છે. એક જિલ્લામાં ફૂડ સેફ્ટીની તપાસણીમાં ફેઈલ થયેલો જથ્થો અન્ય જિલ્લામાં પાસ કરાવી વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત ઘઉં-ચોખામાં નિયત વજન મળતું નથી. તહેવારો તેમજ લોકસભાની ચૂંટણી વખતે જ પુરવઠાનો પૂરતો જથ્થો ન ફાળવવામાં આવતા સરકાર સામેનો રોસ વધી જાય છે. ત્યારે જો ઉપરોક્ત તમામ મુદ્દાઓનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ચૂંટણી બાદ સરકાર સામે આશ્ચર્યજનક આંદોલન કરવામાં આવશે.

# 'અમારૂ અપહરણ થયુ નથી' નિલેશ કુંભાણીના ટેકેદારોનું પોલીસ સમક્ષ નિવેદન

સુરત,તા.૨૬

કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના રહસ્યમય સંજોગોમાં ગાયબ થયેલા ટેકેદારોને સુરત પોલીસે શોધી કાઢ્યા હતા. પોલીસે વલસાડ જઈને કુંભાણીના ત્રણ અને ડમી ઉમેદવારના એક ટેકેદારની પૂછપરછ કરી હતી. ચારેય ટેકેદારોએ પોલીસ સમક્ષ નિવેદન આપ્યું હતું કે, અમારું અપહરણ થયું જ નથી. આ પછી ચારેય ટેકેદારોએ ગુજરાત છોડી દીધું હતું અને મુંબઈ તરફ નીકળી ગયા હતા.

# નિલેશ કુંભાણી ૬ વર્ષ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ

(એ.આર.એલ),સુરત,તા.૨૬



સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી સામે કોંગ્રેસને શિસ્ત સમિતિએ મોટી કાર્યવાહી કરી છે. ત્યારે આજે કોંગ્રેસે કુંભાણીને પક્ષ માંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. મળતી માહિતી મુજબ ફોર્મ અમાન્ય ઠરવા બદલ નિષ્કાળજીને લઈને તેમજ કોંગ્રેસને કોઈ ખુલાસો ન કરતા કુંભાણીને સસ્પેન્ડ કરવાનો લેવાયો નિર્ણય લેવામાં આવ્યો. કોંગ્રેસમાં કુંભાણીને લઈને રોષ જોવા મળી રહ્યો છે. સુરતથી મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ નિલેષ કુંભાણીના ફોર્મમાં મોટી ખામી આવી હતી. જેમાં કુંભાણીના ટેકેદારો અને તેમની સહિ અયોગ્ય ઠરી હતી જે બાદ કાર્યવાહી થઈ હતી અને કલેક્ટર કચેરીએ તપાસ માટે બોલાવામાં આવ્યા હતા જે બાદ એક દિવસનો સમય પણ કુંભાણીને આપવામાં આવ્યો હતો. તેમ છત્તા કુંભાણી તેમના ટેકેદારોને હાજર કરી શક્યા ન હતા અને અંતે ફોર્મ રદ થયુ હતુ. જે બાદથી કુંભાણીને લઈને કોંગ્રેસમાં વિરોધ ચાલી રહ્યો છે. કુંભાણીનુ ફોર્મ રદ થતા જ તે ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. ત્યાર બાદ આજે પાંચ મિનિટના વિડિયો દ્વારા નિલેશ કુંભાણીએ જણાવ્યુ હતુ કે, હું કોંગ્રેસના મોવડી મંડળ સાથે હતો. અને કોર્ટમાં જવાની પણ તૈયારીમાં હતો. જેતે સમયે મને કોંગ્રેસના સ્થાનિક કાર્યકરો તરફથી પુરતો સહકાર મળ્યો ન હતો.

# હવે ધો. ૧૦-૧૨ના નાપાસ વિદ્યાર્થીઓને વર્ષ નહી બગડે : ગુજરાત શિક્ષણ બોર્ડનો મહત્વનો નિર્ણય

અમદાવાદ,તા.૨૬



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે સૌથી મોટા ખુશીના સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની જેટલા વિષયની રિએક્ઝામ આપવી હોય તે વિદ્યાર્થી આપી શકશે. અહીં વિદ્યાર્થીઓ આખે આખી પરીક્ષા એટલે કે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપી શકશે. ત્યારબાદ બન્ને વખતની પરીક્ષાના પરિણામમાં જે પરિણામ ઊંચુ હશે તે ધ્યાને લેવાશે.

તેવી જ રીતે ધોરણ ૧૦માં પહેલા બે વિષયની પૂરક પરીક્ષા આપી શકાતી હતી તે આ વખતે ત્રણ વિષયની પરીક્ષા આપી શકાશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પહેલા એક જ વિષયની પૂરક પરીક્ષા આપી શકાતી હતી તે આ વખતે બે વિષયની પરીક્ષા આપી શકશે.

મહત્વનું છે કે, ધોરણ ૧૨ માટે આ નિર્ણય ખૂબ જ મહત્વનો છે. આમ તો ગુજરાત બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ પૂરક પરીક્ષા પણ વહેલી લેવામાં આવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી જે વિદ્યાર્થીઓ વધારે વિષયમાં નાપાસ થયા હોય તો તેઓ અલગ અલગ ધોરણ પ્રમાણે માત્ર એક કે બે વિષયની પૂરક પરીક્ષા જ આપી શકતા હતા. પરંતુ આ વખતે બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે.

જે મુજબ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થી આખે આખી એક્ઝામ ફરી આપવા ઈચ્છતો હોય તો તે વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે. એટલું જ નહીં આ બંને પરિણામમાં બેસ્ટ ઓફ ટુ ધ્યાને લેવાશે. સાથે જ ધોરણ ૧૨ બાદ કરિયરને લગતા કોર્સમાં કે એસીપીસીના કોર્સમાં પણ જે પરિણામ ઊંચું હશે તે ધ્યાને લેવાય તેવું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.







